# ખેડુત તાલીમ મોડયુલ

# આધુનીક પશુપાલન

**સંકલન કરનાર**
**ગોવિંદ પટેલ**
**શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ વડોદરા**
**વિકાસ સેન્ટર છોટાઉદેપુર**

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | ભારતમાં દુધ ઉત્પાદન. | |
| ૨ | આધુનિક પશુ પાલનમાં મહત્વની ગાય ની ઓલાદો. | |
| ૩ | આધુનિક પશુ પાલનમાં મહત્વની ભેંસ ની ઓલાદો. | |
| ૪ | સંર્વધન માટેના સાંઢ/પાડાની પસંદગી, માવજત લેવાની કાળજી. | |
| ૫ | દૂધાળ ગાયના લક્ષણો. | |
| ૬ | નફાકારક પશુપાલન વ્યવસાયના ચાર મુખ્ય આધાર સ્થંભ. | |
| ૭ | પશુ રહેઠાણ વ્યવસ્થા. | |
| ૮ | પશુ સંર્વધન. | |
| ૯ | પશુ પોષણ. | |
| ૧૦ | અયોગ્ય પશુનો નીકાલ અને સારવાર. | |
| ૧૧ | જાનવરોને રોગ થવાના મુખ્ય કારણો. | |
| ૧૨ | તંદુરસ્ત અને બીમાર પશુની ઓળખ. | |
| ૧૩ | રોગચાળો અટકાવવા માટે આટલુ કરો. | |
| ૧૪ | રોગચાળો થયો હોય ત્યારે લેવાના પગલા. | |
| ૧૫ | રસીકરણ. | |
| ૧૬ | પશુઓમાં થતા સામાન્ય રોગો. | |
| ૧૭ | ચેપી રોગો. | |
| ૧૮ | બાહ્ય પરોપજીવીઓ. | |
| ૧૯ | પશુપાલન વ્યવસાયમાં રેકર્ડનું મહત્વ. | |
| ૨૦ | ટવયાણ ઉપરની ગાયની રાખવાની કાળજી. | |
| ૨૧ | વાછરૂ ઉછેર. | |
| ૨૨ | સ્વચ્છ દૂધ ઉત્પાદન (Clean Milk Production). | |
| ૨૩ | ચાફકટરનો ઉપયોગ - ઘાસનો બગાડ અટકાવ. | |
| ૨૪ | કૃમિ. | |
| ૨૫ | પશુ પ્રાથમીક સારવાર પેટીની દવાઓની યાદી. | |
| ૨૬ | સારવાર પેટીની દવાઓની સમજ. | |
| ૨૭ | પરંપરાગત ઔષધ સારવાર. | |
| ૨૮ | પ્રણીઓનો ગર્ભધારણ અને આયુષ્ય સમય કોઠો. | |
| | | |

# ભારતમાં દુધ ઉત્પાદન

ગાયોની ૧૯.૮ કરોડ તથા ૭.૭ કરોડ ભેંસોની સંખ્યા સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ પશુધન ધરાવતા દેશોમાં સાતમુ સ્થાન ધરાવે છે. વાર્ષિક ૬ કરોડ ટન દૂધ ઉત્પાદન સાથે તે વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન ધરાવતા દેશોની યાદીમા પહેલા નંબરે છે. તેમ છતા, પશુદીઠ ઉત્પાદકતા ઘની ઓછી છે. દૂધ ઉત્પાદન વધારી શકવા માટે વિપુલ તકો છે, કારણ કે હાલમા દેશના કુલ દુધ ઉત્પાદનના ૮૦% જેટલુ દૂધ ફક્ત ૫૦% રાજ્યોમાંથી જ ઉત્પાદીત કરવામાં આવે છે.

દેશની ૨૬ જેટલી ગાયવર્ગની માન્ય ઓલાદોમાંથી ફક્ત ચાર જ ઓલાદ દૂધ ઉત્પાદન ક્ષ્મિલચહ બરઈઈદી માટે જાણીતી છે. આ ઓલાદો છે. (૧) ગીર (૨) સાહીવાલ (૩) થરપારકર (૪) સીંધી (ભારતની આઝાદી વખતે, ભાગલાના સમયે સીંધી ઓલાદના મુખ્ય વિસ્તારો પાકિસ્તાનમાં જવાથી આ ઓલાદના ખુબ જ ઓછી સંખ્યામાં પશુઓ આપણને ત્યાં જોવા મળે છે.) આઠ ઓલાદો દ્વિઅર્થી પ્રકારની છે. જ્યારે ૧૪ ઓલાદો કામાળ વર્ગની છે. દૂધાળ ઓલાદમાં વેતરનુ દૂધ ઉત્પાદન ૯૦૦ થી ૧૨૦૦ લિટર તથા દૂધાળા દિવસો ૨૪૦ થી ૨૮૦ ની વચ્ચે જોવા મળે છે. જ્યારે દ્વિઅર્થી અને કામાળ વર્ગની ઓલાદોમા વેતરનુ દૂધ ઉત્પાદન અનુક્રમે ૬૦૦ થી ૮૦૦ લિટર અને ૧૫૦ થી ૪૦૦ લિટર અંદાજવામાં આવે છે.

- ગાય અને ભેંસ વર્ગની દેસી ઓલાદો ઉષ્ણ કટીબંધના વાતાવરણ સાથે સારી રીતે અનુકુલન ધરાવે છે. સમશીતોષ્ણ કટીબંધની કેટલીક ઓલાદો જે અમુક રોગો સામે સંવેદનસીલ છે તેની સામે અહીંના વિસ્તારની ઓલાદો આ રોગો સામે પ્રતિરોધક છે.
- ખેતીની આડપેદાસ ઉપર નભતી અને ઉતપાદન આપી શકવાને લીધે આ ઓલાદો આર્થિક રીતે પોષાય છે. કુલ ૧૯.૮ કરોડ ગાય વર્ગના પશુઓમા ફક્ત ૧૮% જેટલા પશુઓ જ ઉપર જણાવેલ વર્ગીકૃત ઓલાદના છે.બાકીના પશુઓ બીન વર્ગીકૃત પ્રકારના છે. અને તેઓ બધા દેશી તરીકે ઓળખાય છે.
- જો દૂધ ઉત્પાદનને એક આર્થીક રીતે પોષણક્ષમ પ્રવૃત્તિ તરીકે વિકસાવવી હોય તો પ્રર્વતમાન નીચેની બાબતોમાં સુધારો કરવો જરૂરી છે.
- પશુઓમા નબળો વિકાસ દર.
- પ્રથમ વિયાણની વધુ ઉંમર.
- વેતરનુ ઓછુ દૂધ ઉત્પાદન (૯૦૦ થી ૧૨૦૦ લિટર દૂધાળા દિવસો ૨૪૦ થી ૨૯૦).
- બે વિયાણ વચ્ચેનો લાંબો ગાળો (૧૬ થી ૧૮ માસ).
- ઘાસચારા અને ખોરાકનુ દૂધમા રૂપાંતર કરવાની નબળી ક્ષમતા (વધુમાં વધુ ૪૪%).

# આધુનિક પશુ પાલનમાં મહત્વની ગાય ની ઓલાદો

## ગાયોની ઓલાદનુ વર્ગીકરણ

આપણા દેશમાં ગાયોની મુખ્ય ૨૮ જેટલી ઓલાદો છે.દૂધાળા જાનવર તરીકે એમાની મોટા ભાગની ઓલાદની ગાયો પરદેશી ગાયોની સરખાણીમામ ખૂબ જ ઉતરતી કક્ષાની છે. જેના મુખ્ય કારણો (૧)પહેલા વિયાણની મોટી ઉમર (૨)કંગાળ પ્રજનન ક્ષમતા (૩) બે વિયાણ વચ્ચેનો મોટો ગાળો (૪)ખોરાકનુ દૂધમા રૂપાંતર કરવાની ઓછી ક્ષમતા.

| ક્રમ | ઓલાદનો વર્ગ | લક્ષણો | મુખ્ય ઓલાદ |
|---|---|---|---|
| ૧ | દૂધાળ | વધુ દૂધ વેતરનું સરેરાશ ૧૫૦૦ થી ૧૮૦૦ લીટર | ગીર,લાલ.સિંધી, થરપાક |
| ૨ | દ્વિઅર્થી | સાધાબણ દૂધ ઉત્પાદન ૧૦૦૦ થી ૧૫૦૦ લીટર સંતોષકારક કામ આપતા બળદ. | ગીર,કાકરેજ,હરીયાણારાઠી, ઓંગોલ |
| ૩ | કામાળ | ભારવહન શક્તિ વાળા બળદ ઉત્તમ બળદો, વેતરનું દૂધ ઉત્પાદન ૭૦૦ લીટર થી ઓછું. | અમૃતહાલ, ખીલાર,ડાંગીમાળવીનાગોર, સીરી,નિસર |

# ગીર ગાય



| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુ અંતર |
|---|---|---|---|---|---|
| **જૂનાગઢ,ગીર, રાજસ્થાન** | ૧૫૦૦ થી ૧૮૦૦ લીટર | ૯ થી ૧૦ માસ | ૫% થી ૫.૫% | ૪ થી ૪.૫ વર્ષ | ૧૬ થી ૧૭ માસ |

ઉત્પતિ સ્થાનઃ- આ ઓલાદનું ઉત્પત્તી સ્થાન ગીરના જંગલો હોવાથી આ ઓલાદને ગીરઓલાદ કહે છે. આ ઉપરાંત એને કાઠીયાવાડી, સોરઠી, દેસાણ વગેરે ઉપનામોથી પણ ઓળખવામાં આવે છે.

બાહ્ય લક્ષણોઃ- આ ઓલાદના જાનવરો વજનદાર પણ ઢીલા બાંધાના, સ્વભાવે શાંત માયાળુપણુ સહેજ ચુસ્ત હોય છે.

આ ઓલાદના રંગમા વિવિધતા બહુ મોટા પ્રમાણમાં જોવા મળે છે. લાલ રંગની, રાતા, સફેદ, કાળા ધાબા અને કાળા રંગના જોવા મળે છે.

કપાળ પહોળુ અને ઢાલ જેવુ હોય છે.

ચહેરો મધ્યમ કદનો અને સાંકડો હોય છે.

આખો મોટી અને બદકમ આકારની હોય છે. પણ ભારે અને ઢાલ આકારના કપાળથી ઢંકાયેલી હોવાના કારણેઆંખ જીણી અને અર્ધ મીચેલી દેખાય છે. આના કારણે જાનવરો સુસ્ત દેખાય છે.

કાન લાબા, પહોળા અને વધારે પડતા લબળતા હોય છે. કાનનો આકાર વળેલા પાદડાં જેવો દેખાય છે. કાનની અણી નીચેના જડબાની બાજુએ વળેલી હોય છે.

શિગડા સહેજ જાડા અને માથાની પાછળ કમાનની માફક વળાંક વાળા હોય છે.

ગોદડી અને મૂતરણું ઝુંલતા હોય છે.

બાઉલું મધ્યમ કદનું અને ચાર ભાગમાં સ્પષ્ટ વહેચાયેલું અને સુંડોળ આકારવાળુ હોય છે.

પગની ખરી મધ્યમ કદની અને રંગે કાળી હોય છે. આ દ્વિઅર્થી ઓલાદ છે.

બળદ ભારે કામ માટે સારા ગાણાય છે.પણ તેની ચાલ ધીમી, હળવી અને ગંભીર હોય છે.

સ્વભાવે શાંત કામણગારા અને સહેલાઈથી કાબુમાં રહે તેવા હોય છે.

# કાંકરેજ ગાય





| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુ અંતર |
|---|---|---|---|---|---|
| ઉત્તરગુજરાત, કચ્છ | ૧૨૦૦ થી ૧૫૦૦ લીટર | ૯ થી ૧૦ માસ | ૪.૫% | ૩.૫ થી ૪ વર્ષ | ૧૬ થી ૧૭ માસ |

આ ઓલાદના બળદો સવાય ચાલ અને ખેતીમાં ખૂબ વખણાય છે.

ઉત્પતિ સ્થાનઃ-

આ ગાયનું ઉત્પતિ સ્થાન કચ્છ અને કાકરેજ છે. બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ ગામના નામ ઉપરથી આ ઓલાદની ગયાનુ નામ કાંકરેજ રાખવામાં આવેલ છે. વઢિયારી, વાગળ નામથી પણ ઓળખાય છે.

બાહ્ય લક્ષણોઃ-

આ ઓલાદના જાનવરો સફેદ,જાંબુડા કે રાખોડી રંગના દેખાય છે.

આ જાનવરો માથું અધ્ધર રાખી રૂઆબભરી ચાલ ચાલવા માટે પ્રખ્યાત છે. બળદો ચાલતી વખતે પગ વધારે દોઢવે છે. જેથી વજન અને અંતર વધુ જલદી કાપી શકે છે.આ પ્રકારની વાલને સવાય ચાલ કહેવામાં આવે છે.

શિંગડા મોટા મજબુત અને બીજ ચંદ્રાકાર હોય છે.

આ જાનવરનું કપાળ પહોળું અને વચમાં ખાડાવાળું હોય છે.

ચહેરો પહોળાઈમા ટૂંકો અને લંબાઈમા લાંબો હોય છે.

નાકનું ફણું સહેજ ઉંચે વળેલુ હોય છે. કાન મોટા અને જુલતા હોય છે.

પગ સુંદર આકારના પણ પગની ખરીઓ નાની, ગોળ સહેજ પોચી હોય છે.

ગાયોનુ બાવલુ પ્રમાણસર વિકાસ પામેલુ જોવા મળે છે.

સંર્વધન કેદ્રોઃ-

નાર્થ કોટ કેટલ ફાર્મ છારોડી-સાણંદ, અમદાવાદ


પશુ સંવર્ધન કેદ્ર-ભૂજ

પશુ સંવર્ધન કેદ્ર થકા-બનાસકાંઠા

કૃષી યુનિવર્સિટી સરદાર કૃષિનગર-દાતીવાડા, બનાસકાંઠા


પશુ સંવર્ધન કેદ્ર-માડવી, સુરત

# ડાંગી ગાય



| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુ અંતર |
|---|---|---|---|---|---|
| ડાંગ જીલ્લો | ૫૫૦ થી ૭૦૦ લી. | ૮ થી ૯ માસ | ૪.૫% | ૪.૫ થી ૫ વર્ષ | ૧૮ થી ૨૦ માસ |


# થરપાકર ગાય



ઉદ્દભવ સ્થાનઃ- કચ્છ અને રાજસ્થાન

વેતરનુ દૂધ ઉત્પાદનઃ- ૧૮૦૦ થી ૨૦૦૦ લીટર

# જર્સી ગાય



| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુ અંતર |
|---|---|---|---|---|---|
| જર્સી ટાપું | ૨૫૦૦ થી ૩૦૦૦ લીટર | ૧૦.૫ માસ | ૫૦થી ૫.૫ % | ૨ વર્ષ | ૧૩ થી ૧૪ માસ |

આ ઓલાદની ગાયો ઠંડા પ્રદેશની રહેવાસી છે.તેમની ઓછી રોગપ્રતિકારક શક્તિના કારણે અને ગરમ આબોહવા માં શુધ્ધ ઓલાદના જાનવરોને રાખવા મુશ્કેલ છે. માટે આ ઓલાદ સાથે આપની ઓલાદની ગાયો સાથે ૫૦% ક્રોસ બ્રિડીગ કરીને આપના વાતાવરણમાં ટકી શકે તેવી વધુ દૂધ ઉત્પાદન આપે તેવી ક્રોસ બ્રિડ ગાયો તૈયાર કરી શકાય.

# એચ.એફ(હોલ્સ્ટેઇનફ્રિઝીયન)






| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુ અંતર |
|---|---|---|---|---|---|
| હોલેન્ડ | ૫૦૦૦ થી ૬૦૦૦ લીટર | ૧૦ માસ | ૩.૫ થી ૪% | ૨થી ૨.૫ વર્ષ | ૧૩ થી ૧૪ માસ |

વધુ દુધ ઉત્પાદન માટે આપની ગાયો સાથે ક્રોસ બ્રિડીગ કરી ક્રોસ બ્રિડ ગાય તૈયાર કરી શકાય.

# આધુનિક પશુ પાલનમાં મહત્વની ભેસ ની ઓલાદો

## બન્ની ભેંસ



| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુ અંતર |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૨૫૦૦ થી ૨૮૦૦ લીટર | ૧૦ માસ | ૭.૫% | ૩ થી ૩.૫ વર્ષ | ૧૨ થી ૧૪ માસ |

## ઉદભવ સ્થાનઃ-

આ ઓલાદની ભેંસો કચ્છ બન્ની વિસ્તાર છે. બન્ની વિસ્તાર ઉપરથી આ ભેંસનું નામ બન્ની ભેંસ રાખવામાં આવેલ છે. આ ભેંસના શિંગડા કુઢા હોવાથી કુઢી ભેંસ તરીકે પણ ઓળખાય છે.

## બાહ્ય લક્ષણોઃ-

- આ ઓલાદની ભેંસો મોટે ભાગે કાળા રંગની વધારે હોય છે.આ ઉપરાંત ભૂરા રંગની પણ હોય છે,પગમાં અને આંચળમાં સફેદ ધાબા પણ હોય છે.
- બન્ની ઓલાદની ભેંસો મધ્ધમથી મોટુ કદ ધરાવે છે.
- આ ભેંસો ના શિંગડા નાના અને બહારની બાજુએથી વળાંક સાથે બે ગોળાકર ઈંઢોળી બનાવે છે. આના કારણે આ ઓલાદની ભેસોને કુંઢી ભેંસ તરીકે પણ ઓખવામાં આવે છે.
- શરીરનો બાંધો સુવ્યવસ્થીત, મજબુત અને દેખાવમાં રૂપાળી ઓલાદ છે.
- પગ સુડોળ, મજબુત, મધ્યમ બંબાઈ, ખરીઓ નાની ગોળ અને પગ સાથે વ્યવસ્થીત જોડાણ ધરાવે છે.
- જા ઓલાદની ભેંસો સ્વભાવે નરમ અને શાંત હોય છે.
- બાવલું સુવિકસીત અને ઉંધાકપ આકારનુ હોય છે.અને તેના આંચળ પણ સુવિકસીત સુડોળ આકારે અને ચાર ભાગમાં સ્પષ્ટ વહેચાયેલ હોય છે.

## સંર્વધન કેંદ્રોઃ-

આ ભેંસોને સરકાર તરફથી ઓલાદની મન્યતા મળેલ નથી. પણ હવે આ ભેસોને બન્ની ઓલાદની માન્યતા ટુક સમયમાં મળી જશે. જેથી આ ભેંસોના સંર્વધન માટે સરકારમાન્ય સંર્વધન કેન્દ્ર નથી. પણ કચ્છમાં બન્ની વિસ્તારમાં કુદરતી સંર્વધનથી આ ઓલાદનો વિકાસ થયો છે. હવે આ ઓલાદનુ સંર્વધન માટે ની કામગીરી કૃષી યુનિવર્સીટી દાંતીવાડા બનાસકાંઠા મારફતે હાથ ધરવામાં આવેલ છે.

આ ઓલાદની ભેંસોને બાંધો મજબુત અને નાનો હોવાથી મોટા શહેરોમા દૂધ ઉત્પાદક તબેલાઓમાં આ ભેંસોની પસંદગી વધારે થાઈ છે. કદમાં નાની હોવાથી પશુરાખવાના તબેલાઓમા વ્યવસ્થા ઘણી બધી સહેલાઈથી થઈ શકે છે. આ ઓલાદ દૂધ ઉત્પાદન માટે ઉચ્ચ જનીનકીય બંધારણ ક્ષમતા ધરાવે છે. ભારત ની વિખ્યાત ઓલાદોની સરખામણીમા કદાચ સવાઈ ઉતરે.

# જાફરાબાદી ભેંસ



| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુઅંતર |
|---|---|---|---|---|---|
| ગીરનાં જંગલો | ૧૮૦૦ થી ૨૨૦૦ લીટર | ૧૦ માસ | ૮.૫ % | ૪ થી ૪.૫ વર્ષ | ૧૮ થી ૨૪ માસ |

ઉત્પત્તિ સ્થાનઃ-

આ ઓલાદની ભેંસોનુ ઉત્પત્તિ સ્થાન સૌરાષ્ટ્રમાં આવેલ ગીરનું જંગલ છે.જુનાગઢ જીલ્લાના જાફરાબાદ ગામ ઉપરથી આ ઓલાદનુ નામ જાફરાબાદી પડયુ.આ ઓલાદને કાઠિયાવડી અને સોરાઠીના નામ થી પણ લોકો સંબોધે છે.

બાહ્ય લક્ષણોઃ-

- ભારતમાં મોટામાં મોટા કદની અને વજનદાર ઓલાદ પણ છે. પણ તનો બાંધો ઢીલો છે.
- જા ઓલાદની ભેંસોનો રંગ મેશ જેવો કાળો છે. આ ઉપરાંત ભરી અને ચાંદરી પણ હોય છે.

⇨ શરીર ઉપર જાડી ચામડી અને વાળ ઓછા પ્રમાણમાં હોય છે.

⇨ માથું અને કપાળ હાથીના બચ્ચા જેવું ભારે અને ઉપસેલ કપાળ હોય છે.

⇨ ઉપસેલ કપાળના કારણે આંખો નાની ઉંડી ઉતરી ગયેલી છે.


⇨ શિંગડા માથાની બંને બાજુએથી નીકળી નીચે પછી બહારની બાજુ તરફ વળાંક લે છે અને શિંગડાનો આકાર ચપટો છે.

⇨ કાન શિગડાંની પાછળના ભાગમાં ઢંકાયેલા અને કદમાં નાના હોય છે.

⇨ બાવલુ વિકાસ પામેલુ પણ લબડતુ અને આંચળ અસમાંતર ગોઠવાયેલા હોય છે.


⇨ આ ઓલાદ શરીરી ભારી અને લાંબી તથા પુછડુ ઘુટણ સુધી લબડતુ હોય છે.

## મહેસાણી ભેંસ




| ઉદ્દભવ સ્થાન | સરેરાશ દુધ ઉત્પાદન (વેતરનું) | સરેરાશ દુધના દિવસો | સરેરાશ ફેટ | સરેરાશ પ્રથમ વિયાણ | બે વિયાણ વચ્ચેનુઅંતર |
|---|---|---|---|---|---|
| | | | | | |

# સંવર્ધન માટેના સાંઢ / પાડાની પસંસગી, માવજત લેવાની કાળજી



સાંઢનું મહત્વ ધણમાં અડધો અડધ છે. તેથી તેની પસંદગી અને તેને લેવાની કાળજી ઘણી મહત્વની છે. ભવિષ્યની ઓલાદની ગુણવત્તા હાલમાં રાખવામાં આવતા ખૂંટ પર આધારીત હોય છે.કારણ કે ઓલાદમાં ૫૦% ગુણો ખૂંટમાંથી ઉતરી આવે છે. તેમ પણ દૂધ ઉત્પાદન જેવા ગુણો સારી માવજત પર આધારીત હોય છે. સારૂ ઉત્પાદન જાળવી રાખવા ગુણી સાંઢનો ઉપયોગ ઘણો મહત્વનો છે.

- તે શુધ્ધ ઓલાદના બધા ગુણો ધરાવતો હોવો જોઇએ.
- તેનામાં દેખીતી કોઇ ખોડખાંપણ ન હોવી જોઇએ.
- તેની ચાંમડી પાતળી,ખુંધ વિકસેલી ઘેરા રંગની હોવી જોઇએ.
- તેની વૃષણ કોથળી વધુ પડતી લટકતી ન હોવી જોઇએ.
- તે ચેપી ગર્ભપાત (બ્રુસેલોસીસ) રોગમુક્ત હોવો જોઇએ.
- તેના બંને વૃષણના કદમાં મોટો ફેરફાર ન હોવો જોઇએ.
- પ્રવર્તમાન ચેપી રોગો સામે રસી મુકાવવામા આવેલી હોવી જોઇએ.

- પુખ્ત ઉંમર પહેલા તેનો કુદરતી સેવામાં ઉપયોગ કરવામાં આવતો ન હોવો જોઈએ.
- તેની પાસે વર્ષમા ૧૦૦ થી વધુ ગાયો ફેળવવી ન જોઈએ.
- દરરોજ સુકો ઘાસચારો ૮થી૧૦ કિ.ગ્રા અને લીલો ચારો ૧૮ થી ૨૦ કિ.ગ્રા તથા ૪ થી ૫ કિ.ગ્રા ખણદાન અને પખવાડીએ ૧ કિ.ગ્રા જેટલુ તેલ આપવું.
- તે છુટા ચરીયાણા ઉપર આધરીત ના હોવો જોઈએ.
- સાંઢને કાબુમાં લેવા માટે નાથવો ઘનો જરૂરી છે. એક વર્ષની ઉંમરે ૨.૫ થી ૩ ઈંચના વ્યાસવાળી નાકની રીંગ પહેરાવવી. સાંઢના શિંગડા સલામતી માટે નાની ઉંમરે કાઢી જરૂરી છે.
- સાંઢની વાછરડીઓ ત્રણેક વર્ષની ફવા લાયક થાય ત્યારે તેની બદલી કરવી. ૧૦ થી ૧૧ વર્ષ સુધી સારી રીતે સેવા આપે છે.
- સાંઢની બદલી કરવાની હોય ત્યાર તે ક્લસ્ટરના ૧૦ થી ૧૫ ગામો વચ્ચે બદલી કરવા માટેનુ પ્લાનીગ કરવું.
- સાંઢનુ રહેઠાણ ગોયોની રહેવાની જગ્યાની બાજુમાં જ રાખવું. રહેઠાણ ખુલ્લુ અને હવા ઉજાસ વાળુ હોવુ જોઈએ.પીવાના પાણી ની અને નીવારણ ની વ્યવસ્થા અંદર જ રાખવી.
- સાંઢને એક જ જગ્યાએ બાંધી રાખવો નહી પણ તેને સવાર સાંજ થોડી કસરત કરાવવી અને ફરવા લઈ જવો.

# દૂધાળ ગાયના લક્ષણો

પશુપાલકે પોતાની ગાયોનુ ધન પોતાની દેશી ગાયને ઉંચી ગુણવત્તાવાળા સાંઢથી ફેળવવી અથવા કૃત્રીમ બીજદાન કરાવી પેદા કરવુમ જોઇએ. પરંતુ જો ખેડુત તાત્કાલીક પશુપાલનનો ધંધો કરવા ઉચ્છતો હોય તો તેને ઉત્તમ દેશી કે શંકર ગાયો બજારમાંથી ખરીદવી પડે. દૂધ આપતી ગાય પસંદ કરતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા જોઇએ.

- જે ગાય ખરીદી કરતા હોય તે ગાયના પૂર્વ ઇતીહાસનો રેકોર્ડ અને સાથે સાથે તે ગાયને કરેલ રસીકરણ ની માહીતી જો માલીક પાસે હોય તો જોવી જોઇએ.
- દૂધ ઉત્પાદનઃ ગાય ખરીદતા પહેલા તે ગાયને તમારી હાજરીમાં સળંગ ત્રણ વખત દોહવી જોઇએ. અને ત્રણ વખત દૂધ ઉત્પાદનની શરેરાશ તમને તે ગાયના તે દિવસના સાચા દૂધ ઉત્પાદનનો ખ્યાલ આવશે.

⇨ આઉ:

૧. આઉને તમારા પોતાના હાથ વડે સ્પર્સ કરો તે મુલાયમ અને પોચુ હોવુ જોઇએ.
૨. આંચળ વ્યવસ્થીત રીતે ગોઠવાયેલા અને સરખી સ્થિતી ના હોવા જોઇએ.
૩. આંચળ બહુ લાંબા ના હોવા જોઇએ.અને આઉ પણ ઢીલુ ના હોવુ જોઇએ.
૪. દૂધ નસ (મિલ્ક વેઇન) તે આઉને લોહી પહોચાડે છે. તે મોટી અને આઉપાસે વાંકીચુકી હોવી જોઇએ.
૫. જેવી ગાયને પસંદ કરો કે જે બીજા ત્રીજા વેતરની હોય.

## આટલુ યાદ રાખો

- ગાય સજાગ હોવી જોઇએ.આખો તેજસ્વી હોય,બે નાક વચ્ચેનો ભાગ(ફણુ)પર પાણીના ટીપા બાજેલા હોય(ભીનું હોય) ચામળી ચળકતી તેજ મારતી હોય.
- ગાય વધુ પડતી જાડી કે વધુ પડતી પાતડી ના હોવી જોઇએ.
- છેલ્લી ત્રણ પાંસડી બહારથી જોઇ શકાય એવી હોવી જોઇએ.
- ગાયની છાતીનો ભાગ પહોળો હોવો જોઇએ.

# ગાયના શરીરપર ચોક્કસ પ્રકારના વેજ હોય છે

- બાજુ વેજ આ ત્રિકોણકાર પ્રદેશ ખંભાના હાડકાના ઉપરનો છેડો.પીન હાડકાનુ મધ્યબિંદુ,ત્યારબાદ સ્ટાઉફ્લ જોઇન્ટના જોડાણથી બને છે.વેજની પહોળાઇ જઠરની ક્ષમતા દર્શાવે છે.
- ઉપરનો વેજ આ ત્રિકોણાકાર પ્રદેશ કાંધના મધ્યબિંદુ,ઇલિયમના બહારના બે છેડાના જોડાણથી બને છે.આ વેજ પેટની ક્ષમતા તથા પ્રજનનઅંગો અને આઉ માટે જગ્યા દર્શાવે છે.
- પાછળનો વેજ  આ ત્રિકોણાકાર પ્રદેશ ઇલીમના બે બહારના છેડા અને બે પાછળના આંચળ વચ્ચેના મધ્યબિંદુ ના જોડાવાથી બને છે. તે દુધના આયના તરીકે પ્રચલીત છે. તે આઉની પહોળાઇ દર્શાવે છે કે દૂધ ઉત્પાદનની ક્ષમતા દર્શાવે છે.

એટલુ યાદ રાખો કે ઉપરના મુદ્દા સારૂ દૂધ આપતી ગાયના ચિન્હ દર્શાવે છે. પરંતુ તેનો આધાર સારા ખોરાક અને માવજત પર છે.ગાયનુ સર્વોચ્ચ દૂધ ઉત્પાદન એ તેનુ દરરોજનુ દૂધ ઉત્પાદન હોતુ નથી તેથી એ સલાહભર્યું છે કે ગાયને ઓછામા ઓછી ત્રણ વખત જોવી જોઇએ.

પહેલા કે બીજા વેતરનુ,તાજુ વિયાયેલ,સુવિકસિત ચુસ્ત આંચળ વાળુ લાબી અને ગુંચળાવાળી દૂધની નસવાળુ તથા શરીરે તંદુરસ્ત અને ખોડખાંપણ વગરનુ દૂધાળ પશુ પસંદ કરો.

**જેના ઘરે સારી દુધાળુ ગાય ત્યાંકદી ન હાય હાય**

# નફાકારક પશુપાલન વ્યવસાયના મુખ્ય ચાર આધાર સ્તંભ

પશુ રહેઠાણ વ્યવસ્થા

પશુ સંર્વધન

મુખ્ય
આધાર
સ્તંભ

પશુ પોષણ

પશુ સ્વાથ્ય અને બિન ઉપયોગી પશુ નો નિકાલ

## પશુ સંર્વધન


સંર્વધનની વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવીને જ પશુની મૂળભૂત ને ઈચ્છીત શક્તિઓમાં વૃધ્ધિ કરી શકાય.લોકલ ઓલાદ સુધારણા ને શંકર સંર્વધન.

## સંતુલીત પશુ આહાર

સંતુલીત પોષણ દ્વારા પ્રાપ્ત શક્તિ નો પુરે પુરો લાભ લઈ શકાય છે.


# પશુ રહેઠાણ વ્યવસ્થા

## ગામડાઓમાં પશુઓને રહેઠાણમાં રાખવાની પદ્ધતિ



રહેઠાણ એવું હોવું જોઇએ જે જાનવરોને કુદરતી પરીબળો જેવા કે ઠંડી પવન વરસાદ તડકો વગેરે સામે પુરતું રક્ષણ આપે અને જાનવર આરામથી રહી શકે .રહેઠાણ સ્વચ્છ,ભેજ વિનાનું, હવાઉજાસ વાળુ હોવુ જોઇએ

# આદર્શ રહેઠાણ




રહેઠાણ (કોઢારૂ):-

- કોઢારૂ તે વિસ્તારના વાતાવરણ-તાપમાન, વરસાદ ખ્યાલમાં રાખી બનાવવુ જોઇએ.
- કોઢારૂ બનાવવા માટે સિમેન્ટ કે કોન્ક્રેટની જરૂર નથી પણ વિસ્તારમાં ઉપલબ્ધ સાધન સામગ્રી થી પાકુ બનાવવુ જોઇએ જેથી તે સ્વચ્છ અને ખાડા સિવયનુ રાખી શકાય.
- ગમાણ એવી હોવી જોઇએ કે જેથી ગાયને આપેલ ખોરાક બગડે નહી અને પશુ તેના પર પગ ના મુકી શકે.
- કોઢારૂ પશુને માફકસર હશે તો તે વધુમાં વધુ ખોરાક લેશે.

# ગંદુ અને અસુરક્ષીત રહેઠાણ




## રહેઠાણ બનાવતી વખતે આટલું ધ્યાનમાં રાખવું

- રહેઠાણ હંમેશા જમીન પરના પાણીનો નીકાલ થતો હોય તેવી ઉચાઇ વાળી જગ્યાએ રાખો.
- એમા હવાની અવર જવર બરાબર થતી હોવી જોઇએ.
- દરેક પુખ્ત જાનવર દીઠ ૩ ચો.મી જગ્યા હોવી જોઈએ.
- દીવાલ,ગમાણ તથા ગટરના બાંધકામના છેડા ગોળાકાર બનાવવા જોઇએ.(૨ મી.લંબાઇ ૧.૫ મી પહોળાઇ)
- રહેઠાણ નુ ભોઇતળીયુ સરખુ અને તિરાડ વગરનુ હોવુ જોઇએ.
- ખુબજ ગરમ વાતાવરણ (૪૦ સે.મી ઉષ્ણતામાન) વાળા પ્રદેશમાં છાયડા માટે ઝાડ અને શેડ વનાવવો.
- શિયાળાની ઋતુમાં અતિશય ઠંડા સીધા પવન થી બચવા કન્તાન કોથળાનો ઉપયોગકરી જાનવરને રક્ષણ આપવું.
- છાણનો ઉપયોગ ગોબરગેસ બનાવવા કરો.
- રહેઠાણમાં જ પીવાના પાણીની વ્યવસથા કરો.

# પશુ સંર્વધન


## સંર્વધનને બે ભાગમાં વહેચી શકાય.

૧) અવાર નવાર પેઢીમાં વધુમાં વધુ ઉત્પાદન ક્ષમતા વાળા આનુવંશિક ગુણોનો વિકાસ કરીને.


૨) આ માટે સારી ફળદ્રુપતા વાળા સિધ્ધ સાંઢના થીજવેલ બીજનો ઉપયોગ કરવો જેની સંતતિની કાનગીરીનો સારો અહેવાલ હોય.

૩) ઉત્તમ ગર્ભધારણા મેળવવા માટે નીચેની સુચનાઓ પરત્વે ધ્યાન આપવુ જરૂરી છે.


- વેતરે આવેલ ગાયની ઓળખ: કૃત્રિમ બીજદાન કાર્યક્રમમાં આ એક મોટી અવરોધરૂપ બાબત ગણાય છે.ગાયના વેતરે આવ્યાની બરાબર નોંધ રાખી તેની સ્પષ્ટ જાનકારી બીજદાન કર્મચારીને આપો જેથી તે યોગ્ય સમયે જ બીજદાન કરી શકે.
- વિયાણ પહેલા અને વિયાણ બાદ ગાયને સ્વચ્છ વાતાવરણમાં રાખો જેથી ગાર્ભાશય કે પ્રજનનતંત્રના અવયવોમાં બીમારી થતી અટકાવી શકાય.
- વિયાણ દરમિયાન અને વિયાણ બાદ ગાયની એવી રીતે કાળજી લો કે જેથી તે વિયાણ બાદ ૯૦ દિવસની અંદર ફરીથી ગાભણ બને.



# કૃત્રિમ બીજદાન કરાવવા આટલું ધ્યાનમાં રાખો




- પશુ બેચેની અને ઉશ્કેરાટ દર્શાવે છે.
- પશુ આહાર ઓછો લે છે.
- દૂધમાં ઘટાડો થાય છે.
- અન્ય પશુઓ ઉપર કુદે.
- સાંઢની સોબત સોધે.
- યોનિ માર્ગમાં લાલસા દેખાય, ૧૨, વિયાણ પછી ૬૦ થી ૯૦ દિવસે પશુ વેતરે આવે છે.
- પશુ ભાંભરે કે દોડાદોડી કરે.
- ચીકણી અને પારદર્શક યોનીમાથી લાળ કરે.
- વારંવાર થોડો પેશાબ કરે.
- ગાય ભેસ ૨૧ દિવસે ગરમીમમાં આવે.
- સરેરાશ ૧૮ થી ૧૯ કલાક ગરમીમાં રહે છે.



# પશુ પોષણ

પશુઓને પોષણ આપતા તત્વો, કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ખનીજક્ષારો, વિટામીન અને પાણી વગેરે પશુને વિવિધ પ્રકારના ઘાસચારામાથી અને વિવિધપ્રકારના ખાણદાણોમાંથી મળે છે. આ પોષક તત્વો પશુના શરીરને કઈરીતે ઉપયોગી છે. પશુને ખવડાવવામાં આવતા ખોરાકમાંથી કેટલા પ્રમાણમાં કયા પોષકતત્વો મળ્યા તે જાણવાં માટે તેનુ રાસાયણીક પૃક્કરણ કરી તેની ગણતરી કરવામાં આવે છે. આને ન્યુટ્રીશીયન રેશીયો કહે છે. પશુઓની કાર્યક્ષમતા મુજબ અને તેની અલગ અલગ અવસ્થા મુજબ તેને અલગ અલગ વધતા ઓછા પ્રમાણમાં પોષકતત્વોની જરૂરીયાત રહે છે. જેમ કે ખેતી માટેના બળદની અને બ્રિડીગ માટેના બુલની બંનેના ખોરાક અલગ અલગ વધતા ઓછા પ્રમાણમાં હોય છે.

પશુનુ પાચનતંત્ર કુદરતે વિશિષ્ટ પ્રકારનુ બનાવ્યુ છે.તેનુ જઠર ચાર વિભાગવાળુ વિશાળ છે. ગાય, ભેસ, બળદ, ઘેટા, બકરા, ઉંટ વગેરે વાગોળતા પ્રાણીઓ છે. તે રેસાયુક્ત વધુ કદવાળો ખોરાક પચાવી શકે છે.પશુને ઘાસચારો ખવડાવવની પ્રથા છે. ચરીયાણ અને ગમાણ માં નીરીને.

માનવીએ જ્યારથી પશુપાળવાની શરૂઆત કરી ત્યાંથી જ તેણે પશુના પોષણ અંગે વિચારવાનુ શરૂ કરવું પડ્યુ.પોતાના વર્ષોના અનુભવો બાદ તે પશુને રોજનો કેટલો ખોરાક આપવો તે નક્કી કરી શકાયુ. અલબત પશુને પાળવાના પ્રયોજન-હેતુને લીધે ખોરાકમાં વિવિધ ફેરફાર કરવા જરૂરી બન્યા.આમ પશુની વિવિધ હેતુઓ માટે પોષક તત્વોની જરૂરીયાત અને તેને અનુલક્ષીને આપવા પડતા ખોરાકના પ્રમાણની ગણતરી દર્શવતી પધ્ધતીની ખોરાકના ધોરણોની શરૂઆત થઈ.આવી રીતે જુદા જુદા પરકારના પશુઓ માટે તેમને કેટલો ખોરાક આપવો જોઈએ તે દર્શાવતી ગણતરીને ખોરાકના ધોરણો કહે છે. આ ખોરાકના ધોરણો પ્રમાણે પશુને ખોરાક આપવામાં આવે તો તે પશુ પુરેપુરી કાર્યક્ષમતા પ્રમાણે કામ આપે છે. આથી જ પશુપાલન વ્યવસાય પુરતી રીતે આર્થિકરીતે સધર બને છે.

## ખોરાકની જરૂરીયાત શા માટે?

- ગાયનો પોતાનો વિકાસ જાળવી રાખવા માટે.
- દૂધ ઉત્પાદન માટે.
- પ્રજનન અને ગર્ભાશયમાં વિકાસ પામતા વાછરડા માટે.

- ગાયને ૧.૫ થી ૨.૦ કિ.ગ્રા દાણ પોતાની જાળવણી માટે તદઉપરાંત દર ૩ કિ.ગ્રા દૂધ ઉપર ૧ કિ,ગ્રા. દાણ વધુ આપવુ જોઇએ.
- પોષક તત્વો (ન્યુટ્રીયન્ટ) ની જરૂરીયાત મુજબ છે.
- પ્રોટીનઃ- દૂધ ઉત્પાદન જુદા જુદા ઉત્સેચક (એન્જાઇમ) ના સિન્થેસીસ માટે, અને શરીરના સારા વિકાસ માટે જરૂરી છે.
- શક્તિ ઇનર્ઇરગી પ્રપટીનના સિન્થેસીસના મટે જરૂરી છે.
- ચરબી થોડી માત્રામાં જરૂરી છે. જે અમુક વિટામીન અને શકિતનો સંગ્રહ કરે છે.
- મીનરલ હાડકા, દાંત, માંશપેશીના કાર્ય માટે જરૂરી છે.

## પૌષ્ટિક આહાર પુરતા પરમાણમાં આપવો જોઇએ.

- જાનવરોના જીવનકાળમાં વૃધ્ધિ, ઉત્પાદન અને પ્રજનન આવી જુદી જુદી અવસ્થા આવે છે.એ પ્રમાણે પોષક તત્વોની જરૂરીયાત પણ બદલાય છે.
- પુરતા પ્રમાણમાં આહાર આપવાનો અર્થ વધારનું ખવડાવવનો નહી થાય પરંતુ આહાર જાનવરોની પોષક તત્વોની જરૂરીયાત પુરી પાડે છે કે નહી એનુ ધ્યાન રાખવુ જરૂરી છે.
- ઘાસચારા અને દાણમાં રહેલ ભેજને ધ્યાનમાં રાખી પશુના દૈનિક આહારની ગણત્રી કરવી જોઇએ.
- દૂધાળ પશુ અને ઉછરતા વાછરડા-પાડીયા તેમના વજનના ૨.૫-૩.૦% જેટલો આહાર(ભેજરહીત ભાગ) ખાઇ શકે છે.
- શંકર તેમજ હોલસ્ટીન ફ્રીઝયિન ઓલાદના પશુ તેમના વજનના ૪% થી પણ વધુ આહાર ખાઇ શકે છે.
- ફક્ત નિભાવ માટે પશુને તેમના વજનના ૧.૫% કે વધુમાં વધુ ૨.૦% આહાર (ભેજ રહીત) જોઇએ.

## આહાર સંતુલીત હોવો જોઈએ.

- જાનવરોની વિવિધ પોષક તત્વોની જરૂરીયાત મુજબ આહારને સંતુલીત કરવો જરૂરી છે. પોષક તત્વો ઓછા કે વધુ પ્રમાણમાં હોવથી પશુની પાચનતંત્રની ક્રિયામા વિક્ષેપ પડે છે અને તેની અસર દૂધ ઉત્પાદન અને તંદુરસ્તી ઉપર થાય છે.
- આહારમાં વિવિધ પ્રકારના ઘાસચારા, ધાન્ય કઠોળ અને તેની આડપેદાશનો ઉપયોગ કરવો જોઇએ.
- સંતુલીત આહાર બનાવતી વખતે સામાન્યતઃ બે ભાગ ચારો અને એક ભાગ દાણનો આહારમાં ઉપયોગ હોવો જોઇએ.જો કે ભેજરહીત માત્રામાં ચારા અને દાણનુ પ્રમાણ ૬૦:૪૦ નુ હોવુ જોઇએ.
- ધાન્યવર્ગના ચારામાં પ્રોટીન અને કેલ્શીયમની ઉણપ હોય છે.કઠોળ વર્ગના ચારામાં પ્રોટીન અને કેલ્શીયમનુ પ્રમાણ વધુ હોય છે.

- ધાન્ય અને કઠોળ વર્ગના ચારાનુ મિશ્રણ કરી આપવાથી તેનો મહતમ ઉપયોગ પશુ કરી શકે છે અને આવા ચારાનુ પાચન સારી રીતે થતુ હોવાથી પશુ ઉતરતી કક્ષાનો ધાન્યવર્ગનો ચારો હોય તો પણ તે વધુ ખાઇ શકે છે.

## પશુ અહારમાં ખનીજ પદાર્થો ની જરૂીયાત.

શરીરની વૃધ્ધિ અને ઉત્પાદન માટે પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, જેવા તૈલી પદાર્થ ઉપરાંત ખનીજ તત્વોની ઘનીજ અગત્યતા છે જેમાં વધારે જરૂરીયાતવાળા મુખ્ય ખનીજ તત્વો જેવા કે કેલ્શીયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, સોડિયમ, પોટેશિયમ, ક્લોરાઇડ અને ગંધક, ગૌણ ખનીજ તત્વો દા.ત લોહ, તાંબુ, કોબાલ્ટ, અયોડિન વગેરેનો સમાવેશ થાય છે. જો ખનીજ તત્વો પુરતા પ્રમાણમાં ન આપવામાં આવે તો પશુની વૃધ્ધિ તથા ઉત્પાદન ઉપર અસર થાય છે અને ઉણપને લીધે પશુઓમાં રોગ પણ થાય છે. પશુઆહાર ગમે તટલો સારો હોય પરંતુ જો પુરતા પ્રમાણમાં જરૂરી ખનીજ તત્વો ન હોય તો પશુના ઉત્પાદન પર માઠી અસર થાય છે. પશુઓને સુકા ચારામાં મોટેભાગે મોટેભાગે પરાળ અને કડબ ખવડાવવા માં આવે છે. પરાળ અને કડબમાં ખનીજ તત્વોનુ પ્રમાણ બહુજ ઓછુ હોય છે આથી દાણ મિશ્રણમાં ખનીજ તત્વો ઉમેરવા પડે છે. દાણ મિશ્રણમાં મીઠુ ૨% તેમજ ક્ષારમિશ્રણ ૧-૨% સુધી ઉમેરવુ હિતાવહ છે. જો દાણમિશ્રણ ઘરે બનાવતા હોય તો પ્રત્યેક પશુ દીઠ ૩૦-૪૦ ગ્રામ ક્ષારમિશ્રણ આપી શકાય.

## પશુઆહારની અન્ય બાબતો.

- આહાર જાનવરોને ભાવે તેવો હોવો જોઇએ તેમજ આહાર નુકશાનકારક તત્વોરહીત હોવો જોઇએ અને તે જંતુનાશક દવાથી મુક્ત અથવા તો દવા છાટયા બાદ ઝેરી અસરની મુદત વીતી ગઇ હોવી જોઇએ.આહાર ફુગરહીત તેમજ સડેલો ન હોવો જોઇએ.
- ગાય ભેંસોને ગર્ભાવસ્થાના છેલ્લા બે મહીનામાં દૂધ દોહવાનુ બંધ કરી ગર્ભની વૃધ્ધિ માટે વધારાનો સંતુલીત આહાર આપવો જરૂરી છે. અન્યથા બચ્ચાનુ જન્મસમયનુ વજન ઓછુ રહેશે અને માતા નબળી થશે.જેની માઠી અસર સૂધ ઉત્પાદન પર પડશે. ગર્ભાવસ્થાના છેલ્લા બે મહીનામાં બે થી ત્રણ કિલો દાણ આપવુ જોઇએ.
- ગયનો ખોરાક ત્રણ ભાગમા વહેચવામાં આવેછે.
- (૧) દાણ (૨) લીલો ચારો (૩) સુકો ચારો
- ગાયને સારી રીતે ખોરાક આપવાની રીતમાં ૧/૩ ભાગ દાણ અને ૨/૩ ભાગ લીલો/સુકો ચારો મળવો જોઇએ.

- આપણે સારી ગુણવત્તાવાળા તત્વો બજારમાંથી ખરીદી શકતા નથી કારણ કે તે કિંમતી હોય છે.અને તેને પ્રમાણ સર મિશ્રણ પણ કરી શકતા નથી.તેથી તૈયાર દાણ ખરીદવુ હિતાવહ છે.
- સુમુલ દાણ સંપુર્ણ આહાર છે કે જેમા યોગ્ય પ્રમાણમાં પ્રોટીન, શકિંત, ચરબી, મીનરલ અને વિટામીન છે. ફક્ત સારી ગુણવત્તાવાળુ મિનરલ મીક્ચર ૩૦ ગ્રામ (એક માચીસના ખોખા જેટલુ) તેમાં દરરોજ આપવુ જોઈએ.

## ગાયને લાંબા સમય સુધી અસંતુલીત આપતા થતી અસરોઃ-

- તેના લીધે ગાયના વિકાસ, દૂધ ઉત્પાદન તેમજ ગાભણ થવા પર અસર પડે છે. નબળુ વાછરડુ જન્મે.
- શકિત ઓછા પ્રમાણમાં મળે તો ગાય બોલતી નથી અને ગાભણ રહેવામાં તકલીફ પડે.
- વધુ દૂધ આપતી ગાયમાં ગાયનો વિકાસ ઓછો થતો જાય છે અને ગરમીમાં મોડી આવે.
- ફોસ્ફરસ ઓછુ મળે તો તેનો જાતિય વિકાસ મોડો થાય છે.ગાભણ રહેવાનો દર પણ ઓછો થાય છે.
- વિટામીન-એ ની ઉણપથી જાતીય વિકાસ મોડો થાય છે, તરવાઈ જાય, મેલી અટકે અને ગર્ભાશયમાં સોજો આવે.

# પશુને મળતા ઘાસચારાના પ્રકાર

## લીલો ઘાસચારોઃ

(અ) ગૌચરના ઘાસઃ ગૌચરનો ઘાસચારો પાતળી દાંડીવાળો કુમળો અને પૌષ્ટિક રસવળો હોવથી ઘનો સારો ગણાય છે.પરંતુ હવે ગૌચર ફક્ત નામના (કહેવા પુરતા જ) રહેલ છે. ગામડાઓમા ચારની ઘણી અછત છે.ઝીઝવો, ધામણ, વરેલુ, કરકરીયુ, અંજન વગેરે પ્રખ્યાત ગૌચરના ઘાસ છે.

(બ) ઉગાડવામાં આવતા લીલા ઘાસચારાઃ

૧) જુવાર, મકાઇ, જવ, બાજરી જેવા મોસમી પાકો, આવા ચારામાં પ્રોટીનનુ પ્રમાણ ઓછુ (૫ થી ૬ ટકા) હોય છે. પરંતુ આમા કાર્બોદીત પદાર્થનું પ્રમાણ વધારે હોય છે.

૨) કઠોળ વર્ગના: ગુવાર, ચોરી, રજકો, બરસીમ, સુબાવળ વગેરે આવા ચારામાં પ્રોટીન વધારે (૧૫ થી ૨૦ ટકા) હોય છે.

૩) અન્ય લીલો ચારો: આમાં ખેતીની આડપેદાશોમાંથી મળતો અન્ય ઘાસચારો જેવાકે કેટલાક ઝાડના પાન અને શાકભાજીના પાન.

## ▪ સુકો ચારો:

૧) કડબ અથવા બાટુ જેવા કે જુવાર,બાજરી જવ,ઓટ વગેરે

૨) ઘઉમાંથી અને ડાંગરમાંથી નિકળતુ પરાળ.

૩) ગોતર- પાકના દાણા લઇલીધા પછી જે છોડ રહે તેની પાતળી ડાળખી તથા પાન ભૂકીનું મિશ્રણ તુવેર, મગફળી, અળદ, મગ, તલ, વાલ વગેરે પાકોનુ ગોતર પ્રખ્યાત છે.

- **અન્ય ઘાસચારો:** શેડીની ચીમરી અને સાઇલેજ
- **ખાણ દાણ:** ખાણદાણ તે પોષક તત્વો અને ખનીજથી ભરપુર હોય છે. આ દાણ વિવિધ પ્રકારના વિવિધ બ્રાન્ડના હોય છે.ડેરી ઉદ્યોગનો વિકાસ થતા તેની પોતાની વિવિધ બ્રાન્ડના નામે સહકારી મંડળીઓ મારફતે ઉત્તમ પ્રકારના ખાણદાણ બજારમાં મળે છે.જેવા કે અમુલ દાણ,સુમુલ દાણ,સાગર દાણ વગેરે આપણે ત્યાં ઘઉંનું ભૂંસુ અને કપાસીયા ખોળનો ખાણદાણ માં વધારે માં વધારે ઉપયોગ થાય છે. આ ઉપરાંત ખેડુત ને ઘરે તૈયાર કરવામાં આવતા દાણ ગુવાર અને કઠોળની કણકીઓ વગેરે.

# જાનવરને માટે યોગ્ય ખોરાક

- જે પ્રકારનુ જાનવર હોય તેનું પેટ ભરાય અને પુરતુ પોષણ મળી રહે તેવો ખોરાક હોવો જોઇએ.
- વાગોળનારા પ્રાણી ખોરાક કદમાં વધારે તથા વજનમાં પુરતો હોવો જોઇએ.
- જાનવરને તેના દરેક ૧૦૦ કિ.ગ્રા વજન ૨-૩ કિ.ગ્રા સુકો ઘાસચારો હોવો જોઇએ.
- ઘાસચારામાં લીલો ચરો અને સૂંક ઘાસ અથવા કડબ યોગ્ય પ્રમાણમાં હોવો જોઇએ.એનુ પ્રમાણ અનુક્રમે ૩:૧ હોવુ જોઇએ.
- ખોરાક ભાવે તેવો અને સુપાચ્ય હોવો જોઇએ.

- ઘાસચારા તથા દાણમાં પૂરતા ખનીજ તત્વો અને વિટામીનસ ના હોય તો યોગ્ય પુરક મિશ્રણ તથા ખનીજ તત્વો ઉમેરવા જોઇએ.
- ખોરાક જાનવારના નિભાવ ઉછેર તથા ઉત્પાદન માટે પોષક તત્વો પુરા પાડટ તેવો હોવો જોઇએ.

## જુદી-જુદી કક્ષાનાં પશુઓ માટે ખોરાકનુ પ્રમાણ

આપનુ પાલતુ પશુ અર્થસભર બની રહે તે માટે તેના ને ખોરાકના ધોરણો નક્કી થયા છે તે પ્રમાણેની તેની માવજત અને ખોરાક પાણી મળવા જોઇએ.પશુને અર્થસભર બનાવવા માટે પ્રાપ્ય આહારનો અર્થક્ષમ ઉપયોગ કરી વધુને વધુ ઉત્પાદન,વૃધ્ધિ વગેરે માટે તે આહારનું ઉત્કૃષ્ટ આયોજન વિચારીયુ છે.જુદી જુદી કક્ષાના પશુઓ એટલે કે તરતના જન્મેલા બચ્ચા,ઉછરતા બચ્ચા,વૃધ્ધિ પામતા વાછરડા પાડા,દૂધાળ પશુ,ગાભણ પશુ,વસુકેલા પશુ,કામ કરતા બળદ,સંર્વન કરતા ખૂંટ વગેરે ની ખાણદાણ-ઘાસચારાની જરૂરીયાત જુદી જુદી હોય છે.જેથી તાના આહારના આયોજન વિશે પણ વિચારવુ જરૂરી બની રહે છે.

## જન્મેલા વાછરડા પાડીનો ખોરાક

વાછરડું જન્મે કે તરત જ તે ચારો ખાઇ શકતુ નથી.વિયાયેલી ગાય-ભેંસ કુદરતી રીતે જ તેના બચ્ચા મટે પ્રથમ ખીરૂ આપે છે.જેમાં રોગ પ્રતિકારક શક્તિ આપે તેવા તત્વો હોય છે.જે બચ્ચાને જન્મનાં અડધા કલાકની અંદર જ આપવું જોઇએ.ખીરામાં દૂધ કરતા વધારે પ્રોટીન,વિટામીનો,ખનીજ ક્ષારો,વગેરે હોય છે.તરતજ જન્મેલા તેવા વજનના લગભગ ૧૦માં ભાગ જેટલુ ખીરૂ ધરાવવુ જોઇએ.વજનના પ્રમાણે તેણે દરરોજના ૨ થી ૩ લીટર ખીરૂ આપવુ જોઇએ.ઉમર વધતા દૂધનું પ્રમાણ ઘટાડીને ધીમે ધીમે કુમળો લીલો ચારો સુપાચ્ય દાણ વગેરે આપવુ. વાછરૂ ધાવે એટલે પશુ પારસો મુકે છે આથી પશુ જ્યા સુધી દૂધ આપે ત્યાં સુધી વાછરડાને ધવરાવવું પડે છે.

# પુખ્ત ઉંમરના (વોડકાનો) ખોરાક

પુખ્ત ઉમરના પશુને તેના શરીરનો બાંધો મજબૂત બને અને પ્રજનન અંગોનો સુવિકસીત વિકાસ થાય તે માટે તેને પુરતો ભરપેટ લીલો અને સુંકો ઘાસચારો અને પોષ્ટિક સમતોલ દાણ આપવું જોઇએ. પુખ્ત વયના પશુના શરીરનો વિકાસ બરોબર થયો હોય અને યોગ્ય ઉંમરે પુરતુ શરીરનુ વજન હોય તો તે વોડકી સમયસર ફળીને પ્રથમ વિયાણ વહેલી વિયાય છે. આથી વાછરડીનો યોગ્ય ઉછેર તેના માંના પેટમાં હોય ત્યારથીજ કરવો જોઇએ. જાવા ઉછરતા પશુ ઉપર પૂરતી કાળજી રાખવાથી આર્થિકરીતે વધારે ફાયદા કારક નિવડે છે. આથી આવા ઉતરતાં પશુઓના ખોરાકમાં પુરતાં પોષક તત્વો અને ખનિજ ક્ષારો પૂરતા હોવા જરૂરી છે.

# દુઝણા પશુનો ખોરાક

દૂધ આપતા પશુને તેના નિભાવ ઉપરાંત દૂધ ઉત્પાદન માટે વધુ પોષક તત્વોની જરૂર રહે છે. જેથી સારી ગુણવત્તા વાળુ દાણ મિશ્રણ આપવુ જરૂરી બને છે.આવા દાણ મિશ્રણમાં ઓછામા ઓછા ૨૦ થી ૨૨ ટકા પ્રોટીન અથવા તો લગભગ ૧૫ થી ૧૬ ટકા પાચ્ય પ્રોટીન ૬૫ થી ૭૦ ટકા કુલ પાચ્ય તત્વો હોવા જોઇએ. તૈયાર મળતા આવા સમતોલ દાણ મિશ્રણમાં ક્ષારનો ભૂંકો (મિનરલમિકક્ષ્ચર) પણ ઉમેરેલુ હોય છે.પરંતુ જો દાણમાં મિનરલ મિક્ષ્ચર મેળવેલ ના હોય તો રોજનુ ૩૦ થી ૫૦ ગ્રામ મિનરલ મિક્ષ્ચર આપવુ જરૂરી બને છે. પશુ પાલક આવા પોષ્ટિક સમતોલ દાણ પોતાની ઘરે પણ બનાવી શકે છે જેથી તે દાણ તેને ઘણું બધુ સસ્તુ પડે છે.

<u>પોતાની ઘરે સમતોલ દાણ બનાવવાની રીત</u>

| ક્રમ | ખાદ્ય પદાર્થ | પ્રમાણ | ક્રમ | ખાદ્ય પદાર્થ | પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧ | ગુવારની ચુની | ૧૫ ટકા | ૬ | મોલાસીસ (ગોળની રસી) | ૧૦ ટકા |
| ૨ | કોઇ પણ સારો ખોળ | ૨૦ ટકા | ૭ | મિનરલ મિક્ષ્ચર (ક્ષાર) | ૨ ટકા |
| ૩ | મકાઇનો ભરડો | ૧૫ ટકા | ૮ | મીઠું | ૧ ટકો |
| ૪ | ઘઉનું ભુંસુ | ૧૭ ટકા | ૯ | જનાજ કઠોળના છાલા | ૫ ટકા |
| ૫ | ચોકાની કણકી | ૧૫ ટકા | | | |

<u>અથવા</u>

| ક્રમ | ખાદ્ય પદાર્થ | પ્રમાણ |
|---|---|---|
| ૧ | કોઇ પણ કઠોળની ચુની | ૨૫ ટકા |
| ૨ | ગુવાર | ૧૫ ટકા |
| ૩ | ઘઉનું ભૂસું | ૨૫ ટકા |
| ૪ | કપાસીયાનો ખોળ | ૩૫ ટકા |

## દૂધાળ પશુને દરરોજનો કેટલો ખોરાક આપવો જોઇએ.

- સમતોલ મિશ્રણ દાણ ૧ થી ૧.૫ કિ.ગ્રા.
- લીલો ચારો કઠોળ વર્ગનો ૪ થી ૫ કિ.ગ્રા.
- લીલો ચારો ધાન્ય વર્ગનો ૧૦ થી ૧૨ કિ.ગ્રા
- સુકો ચારો ખાઇ શકે તેટલો અથવા ૮ થી ૧૦ કિ.ગ્રા.

આ ઉપરાંત ૧ કિ.ગ્રા દૂધ ઉત્પાદન માટે ૫૦૦ ગ્રામ દાણ વધારે આપવુ જોઇએ.ભેંસના દૂધમાં ફેટનું પ્રમાણ વાધારે હોવાથી તેને ગાય કરતા વાધારે દાણની જરૂર પડે છે.

# ગાભણ પશુ માટેનો ખોરાક

ગાભણ પશુને તેના ગર્ભકાળના છેલ્લા ત્રણ માસ દરમ્યાન તેના બચ્ચાનો વિકાસ ખૂબજ ઝડપથી થતો હોય તેના નિભાવ ઉપરાંત વધારાના દાણની જરૂર પડે છે. ગર્ભાવસ્થાના સાતમાં માસથી નિભાવ તથા દૂધ ઉત્પાદન ઉપરાંત એક કિ.ગ્રા દાણ આપવુ જોઇએ.જેથી કરીને પશુને વિયાણમાં તકલીફ પડતી નથી અને તંદુરસ્ત બચ્ચુ જન્મે છે. તથા આગળના વેતરમાં પશુનુ દૂધ ઉત્પાદન પુરતુ જળવાઇ રહે છે.

## વસુકેલ પશુ અને કામ ન કરતા બળદ નો ખોરાક

વસુકેલ પશુ જો ગાભણ ના હોય તો તથા બળદ જો કામ ન કરતા હોય તો તેને ફક્ત શરીર નિભાવ માટે જ ખોરાકની જરૂર પડે છે. તેને આ પ્રકારનો ખોરાક આપવો વસુકેલ પશુ કે જે વારંવાર ઉથલા મારતુ હોય તેને દાણ બંધ કરી દેવુ જેથી શરીર ઉપરની વધારાની ચરબી ઓછી થઇ જાય અને તેને ગર્ભ રહેવાની શક્યાતા વધશે.કામ ન હોય ત્યારે બળદને ખોરાક ઓછો કરી નાખવો જેથી વધારાની ખોટી ચરબી શરીર ઉપર ચઢે નહી.અને નિભાવ ખર્ચ ઓછો કરી શકાય.

- ખાણ દાણ ૧ થી ૧.૫ કિ.ગ્રા.
- લીલો ચારો ૮ થી ૧૦ કિ.ગ્રા.
- સૂકો ચારો ૫ થી ૮ કિ.ગ્રા

## કામ કરતા બળદનો અને સંર્વધન માટેના અઆખલાનો ખોરાક

જ્યારે બળદોન ખેતીની કામગીરી ખુબ રહે છે ત્યારે સારા પોષણની જરૂર પડે છે તેજ પ્રમાણે સંર્વધન કરતા આખલાઓને પણ સારા પોષણની જરૂર પડે છે. આ મટે તેને આ મજિબનો ખોરાક આપવો જોઇએ.

- સમતોલ મિશ્રણ ખાણદાણ ૨ થી ૩ કિ.ગ્રા.
- લીલો ચારો ૧૨ થી ૧૫ કિ.ગ્રા
- સૂકો ચરો ૮ થી ૧૦ કિ.ગ્રા

## ખોરાકને લગતા ધ્યાનમાં રાખવા જેવા મુદ્દા

⇨ પશુની શારીરીક સ્થિતિ અને દૂધ ઉત્પાદનને લક્ષમાં રાખી ખોરાક આપો.

⇨ જે-તે વિસ્તારમાંથી મળતા જ ખોરાક અને ચારાનો ઉપયોગ કરો.

⇨ પશુને માનવ માટે રાંધેલો ખોરાક આપશો નહિ.

⇨ ખોરાકને ક્રમે ક્રમે ધીરે ધીરે બદલો.

- ⇨ ખોરાક આપવાનો સમય ચોક્કસપણે નક્કી કરો-કયારે, શા માટે અને કેવી રીતે ખોરાક આપવો.
- ⇨ ચારાને હંમેશા કાપીનેજ આપો.
- ⇨ મીનરલ મીક્ચર (૩૦ ગ્રામ) પશુને દાણ સાથે દરરોજ આપવુ જોઇએ.
- ⇨ જ્યારે પણ પશુની પણી પીવાની ઈચ્છા થાય ત્યારે તેને સ્વચ્છ તાજુ ઠંડુ પણી આપવુ જોઇએ ક્ષારવાળુ દુર્ગંધ મારતુ પાણી ન આપો.
- ⇨ પશુને આપવાના કોરાકની કુલ કિંમત પશુના દૂધમાંથી મળતી આવકના ૬૫-૭૦% થી વધવી ન જોઇએ.
- ⇨ સુકો ચારો સુકુ ઘાસ-ખાઇ શકે તેટલો અને ભાવે તેટલો (૬-૯ કિલો)
- ⇨ ગાય માટે પ્રત્યેક કિલો દૂધ ઉત્પાદનદીઠ ૪૦૦ ગ્રામ દાણ અને ભેંસ માટે ૫૦૦ ગ્રામ દાણ વધારાનુ આપવુ જોઇએ.
- ⇨ સંકર ગાયો જે પહેલા અને બીજા વેતરમાં હોય તેને નિભાવ માટે ઉછરતા જાનવરો (૩૦૦-૩૫૦ કિલો) માટે ખોરાક છે તે ખોરાક દૂધ ઉત્પાદન માટેના ખોરાક ઉપરાંત આપવો જેમાં દૂધાળ ગાય ભેંસના નિભાવ માટે ઉપર સુચવેલ જથ્થામાં ૧.૦ કિલો દાણ વધારાનુ આપવુ.
- ⇨ સંકર ગાયોનુ જેનુ દિવસનુ ૧૦ લિટર કે તેથી વધુ દુધ ઉત્પાદન હોય તેને સારી જાતનુ સમતોલ દાણ આપો કે જેમાં ઓછામાં ઓછા ૧૮% પાચ્ય પ્રોટીન અને ૬૮-૭૦ % કુલ પાચ્ય તત્વો હોવા જોઇએ.
- ⇨ ખોરાક ઉપરાંત ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિના દામ્યાન બે કિલો વધારાનુ દાણ આપવુ જે વધારીને છેલ્લા પખવાડીયા દરમ્યાન ત્રણ કિલો જેટલુ કરવુ.આ પ્રકારની પધ્ધતિમાં વિયાયા બાદનો ખાસ ખોરાક આપવાની જરૂર રહેતી નથી.અગલા વેતરનુ જે દિવસે સૌથી વધુ દૂધ ઉત્પાદન હોય તે વખતે જેટલુ દાણ અપાયુ હોય તેટલુ દાણ વિયાયા બાદ તરત આપવુ જોઇએ આ રીત દાણ નો જથ્થો ગર્ભાવસ્થામાં વધારવો જોઇએ.

# પાણી

- આ એક જીવનાવસ્યક જરૂરીયાત છે.
- તે શરીરનુ તાપમાન સાચવવામાં મદદ કરે છે.
- દૂધ ઉત્પાદન માટે પાણી એક અગત્યનુ ઘટક છે.
- પાણી ની જરૂરીયાત શરીરના વજન, દૂધ ઉત્પાદન, ખોરાકનો પ્રકાર, પૃથ્વીની ઉંમર, વતાવરણના તાપમાન તેમજ ભેજ ઉપર આધાર રાખે છે.
- પશુને પીવા માટે સ્વચ્છ અને તાજુ પાણી આપવુ જોઇએ.
- દિવસ દરમ્યાન ૧૦૦-૧૨૫ લિટર પાણી ત્રણ ભાગમાં મળવું જોઇએ.

- પાણીનો હોજ દર અઠવાડીયે સાફ કરવો જોઇએ અને ચુનો લગાવવો જોઇએ.
- સામાન્ય નોધઃ
- જો કઠોળ વર્ગનો લીલો ચારો કે ધાન્ય વર્ગનો લીલો ચારો પુરતા પ્રમાણમાં ન મળે તો ૨૦૦ ગ્રામ દાણ,(૧.૦ કિલો કઠોળ વર્ગનો લીલો ચારો કે ૪.૦ લિકો ધાન્યવર્ગના લીલા ચારાને બદલે આપવો) એનાથી ઉલટુ જો આ જાતના લીલાચારા વધુ મળે તો તે મુજબ દાણ ઘટાડવુ.
- જો સાઇલેજ મળે તો જે તે જાતનો લીલો ચારો ઘટાડીને સાઇલેજ તેલ આપવુ.
- ઋતુ અને સમય પ્રમાણે જો લીલા ચારામાં ભેજ તથા પોષક ગુણવત્તાનુ પ્રમાણ બદલાય તો તે મુજબ જરૂરી લીલો ચારો વધતો-ઓછો આપવો. લીલા ચારામાં ચોમાસામાં ૨૦% સુકો ભાગ ગણવો અને બીજી ઋતુમાં ૨૫% સુકા ભાગને ગણતરીમાં લેવો.
- જો પુખ્ત જાનવરનુ વજન ઉપર જણાવ્યા કરતાં વધુ હોય તો તે પ્રમાણે વધારે કઠોળ વગેનો લીલો કે સુકો ચારો આપવો જોઇએ.
- ખાસ સંજોગોમાં ખાસ ખોરાક જેવા કે બાજરી, તેલ, ગોળ વગેરે આપી શકાય.
- જ્યારે પુષ્કળ લીલો ચારો મળતો હોય અથવા સુકાચારાની અછત હોય ત્યારે દા.ત ચોમાસામાં દર કિલોગ્રામ સુકાચારાને બદલે ૫.૦ કિલોગ્રામ લીલો ચારો આપવો. આમ છતા જાનવરને દરરોજ ઓછામાં ઓછા ૨.૦ કિલો સુકોચારો તો મળે એવુ જોવુ.
- **ઉપસંહારઃ**
- દૂધ ઉત્પાદનનો વિકાસ ગાયો-ભેંસોની આનુવંશીકતા અને અનુકુળ સંજોગો પર આધારીત હોય છે.જેમાં પશુ પોષણ ૬૦ થી ૭૦ પ્રતિશત ભાગ ભજવે છે.તેથી પશુને પુરતો સંતુલીત આહાર આપવાનુ ઘનુ જ અગત્યનુ બને છે.
- સંતુલીત આહાર બનાવવા માટે જે તે વિસ્તારના ઉપલબ્ધ વિવિધ ઘાસચારાના મિશ્રણ સાથે સમતોલ દાણ પશુઓને આપવુ જેથી પશુનો નિભાવ અને દૂધ ઉત્પાદન માટે જરૂરી પોષક તત્વો જરૂરીયાત મુજબ મળી રહે.વિયાણ અગાઉ અને વિયાણ બાદ ખોરાક તરફ વિશેષ ધ્યાન આપવુ જેથી પોષક તત્વોની ઉણપને લીધે થતા રોગોને અટકાવી શકાય અને દૂધ ઉત્પાદન ટકી રહે.

## દૂઝણી ગાયના સારસંભાળના સૂચનોઃ

- ગાયને તેના વજન તથા દૂધ ઉત્પાદનને ધ્યાનમાં રખી ખોરાક આપો.

- તેના શરીરના નિભાવની જરૂરીયાત ઉપરાંત દૂધ ઉત્પાદન માટે તેને અતિરિક્ત દાણની આવશ્યકતા રહે છે.આ માટે દર ૨.૫ કિ.ગ્રા દૂધ માટે ૧ કિ.ગ્રા સમતોલ દાણના પ્રમાણ મુજબ ગણત્રી કરી કુલ દાણનો જથ્થો નક્કી કરવો.
- શક્ય હોય તો આખા વર્ષ દરમિયાન ગાયને લીલો ચારો આપો.ઉનાળામાં લીલોચારો પશુના શરીરનુ ઉષ્ણતામાન ઓછુ કરવામાં મદદરૂપ થાય છે.જો તેમ ન હોય તો,ચોમાસાની ઋતુમાં વધારાના લીલાચારામાંથી સાઇલેજ તૈયારકરી ઉનાળાની ઋતુમાં પશુને ખવડાવી શકાય છે.
- લીલા ઘાસચારા જેવા કે મકાઇ,જુવાર સૂકી કડબ,આ બધા પ્રકારનો ચારા ચાફકટર અથવા સુડાની મદદથી તેના નાના ટુકડા કર્યા બાદ જ આપવો જોઇએ.આમ કરવાથી ચારાની ૩૦% બચત થાય છે.
- દિવસમાં ૨ થી ૩ વખત સ્વચ્છ અને પુરતુ પાણી આપો.ગાયોમાં દર ૧ લિટર દૂધ ઉત્પાદને તેને ૪ થી ૫ લિટર પાણીની જરૂરીયાત રહે છે.
- ઉનાળામાં સમતોલ દાણ દિવસમાં ત્રણ વખત આપી શકાય એમાંનો મોટો ભાગ સાંજે આપવો.
- શરીર પરના ખરબચડા વાળને કાપીને ટૂંકા કરો જેથી શરીરમાંથી ગરમીનુ વિખરણ કાર્યક્ષમ રીતે થઇ શકે.
- વિયાણ પછી ૬૦ થી ૯૦ દિવસમાં ગાભણ રહે તે જોવુ.

ભારતમાં ઓછુ દૂધ ઉત્પાદન આપતી દેશી ગાયોમાં સંકર સંવર્ધન માટે વિશ્વની દૂધ ઉત્પાદનમાં શ્રષ્ઠ એવી હોલ્સ્ટેઇન-ફ્રીઝીયન અને જર્સી ઓલાદનો ઉપયોગ કરવામાં આવે છે.કૃત્રિમ બીજદાન પધ્ધતિ અપનાવીને આપણે વધારે દૂધ ઉત્પાદનની ક્ષમતા જેનામાં છે એવી શંકર ઓલાદની સંતતિ ખૂબ મોટા પ્રમાણમાં પેદા કરી છે.

- દૂધ અને દૂધની પેદાશોની માંગ વધી રહી છે.આથી દૂ ઉત્પાદનના કાર્યને એક ધંધા તરીકે વિકસાવવાની વિપુલ તકો છે.દૂધને ધંધા તરીકે વિકસાવવો એટલે એમાથી નફાનુ પ્રમાણ વધુમાં વધુ મેળવી શકાય તે રીતનુ આયોજન કરવુ. પરવડી શકે તેવી રીતે દૂધ નુ ઉત્પાદન કરવાં માટે ઉચીત વ્યવસ્થાપન પધ્ધતિ અપનાવવી જરૂરી છે.
- આ ધંધામાં નફાની ટકાવારી,ગાયના એકબીજા પર આધારીત એવા બે મહત્વનાં પરીબળ પર આધાર રાખે છે.
- પ્રજોત્પાદન ર્તિઇપરદ્ધઉચતાદ્ધની
- ઉત્પાદન ષિરદ્ધદઉચતાદ્ધની
- નફાનુ પ્રમાણ સૈથી વધુ હશે જ્યારે ગાયોમાં ઘણવ્યવસ્થાપનની પધ્ધતિ નીચે મુજબની હશે.

- ગાયોમાં તેની પ્રથમ વિયાણની ઉંમર ઓછી હોય.(સંકર પશુઓ માટે અંદાજે ૨૪ માસ)
- દરેક વિયાણ બાદ ૯૦ દિવસમાં ફરીથી ગાય ગાભણ બને.આમ દર વર્ષે વિયાણ થઇ એક નવી સંતનિુ નિર્માણ થાય.
- દસ મહિનના દૂધાળ સમયગાળામાં સારી ગુનવત્તાવાળુ વધુ દૂધ ઉત્પન્ન કરે (વેતરનો સમયગાળો ૩૦૫ દિવસ).
- વસૂકેલો સમયગાળો બે મહિના જેટલો જ હોય.

ભારતમાં ઓછુ દૂધ ઉત્પાદન આપતી દેશી ગાયોમાં સંકર સંવર્ધન માટે વિશ્વની દૂધ ઉત્પાદનમાં શ્રેષ્ઠ એવી હોલ્સ્ટેઇન-ફ્રીઝીયન અને ખુબ ઓછા ખર્ચે, પ્રજોત્પાદન પર વિપરીત અસર કર્યા સિવાય જે સારૂદૂધ ઉત્પાદન આપી નફાના પ્રમાણની ટકાવારી વધારે.

- આથી દૂધ ધંધાના વ્યવસ્થાપનનો આધાર નીચે જણાવેલ બાબતો પર છે.
- વધુ ઉત્પાદન માટે પશુઓનુ સંર્વધન.
- નિયંત્રીત પ્રજોત્પાદન/પ્રમાણસરની ફળદ્રુપતા માટેની માવજત.
- આહાર અને પોષણ
- આરોગ્ય નિયણત્રણ
- રહેઠાણ તથા સામાન્ય સારસંભાળ
- ગુણવત્તાનુ નિયંત્રણ
- વસુકેલ ગાભણ ગાયની કાળજી
- વાછરૂ ઉછેર(તંદુરસ્ત જાનવરોની ફેરબદલી માટે)
- સફળ ગોપાલનનો આધાર સંર્વધન, સમતોલ પોષણ અને સારા વ્યવસ્થાપન પર મહદઅંશે અવલંબે છે.

# અયોગ્ય પશુનો નીકાલ અને સારવાર

પશુપાલનના ધંધામાં આર્થિક રીતે પરવડે તેવા પશુની નીભાવણી કરવી જરૂરી છે. જેના માટે નીચેની બાબતો પર ધ્યાન આપવુ જરૂરી છે.

૧. બીન ઉત્પાદક પશુનો નિકાલ કરવો.
૨. જરૂર વગરના પશુ ન રાખવા.
૩. રોગવાળા અને ખોડખાપણ વાળા જાનવરો દુર કરવા.
૪. આર્થિક રીતે ન પોષાય તેવા પશુ ન વેચવા.
૫. વાધારે પડતા જાનવાર ન રાખવા.
૬. નર જાનવરનો વહેલી તકે નીકાલ કરવો.
૭. નાના વાછરૂનો વૈજ્ઞાનીક ઢબે ઉછેર કરીને પશુ તૈયાર કરવા.
૮. મોટી ઉંમરના જાનવરનો નિકાલ કરવો.

- નીરોગી જાનવર જ વધુ ઉત્પાદન અને કાર્યશક્તિ આપી શકે, તંદુરસ્ત જાનવરજ સારી ઓલદ પેદા કરી શકે.રોગ નિયંત્રણ દ્વારા જ ખેદુતોનુ જાનવરોની બીમારીથી વેઠવુ પડતુ નુકશાન ઘટાડી શકાય. દૂધાળા પશુ પાસેથી દૂધ ઉત્પાદન મેળવવા માટે તેના સ્વસ્થય ની રક્ષા કરવી જરૂરી છે. વિવિધ રોગોની ચકાસણી નિયમીત રસીકરણ, વર્ષમાં બે વખત કૃમી નાશક દવા આપવી જોઇએ. બાહ્ય પરોપજીવી હોય તો તેનો પણ ઉપાય કરવો જોઇઅ

# જાનવરોને રોગ થવાના મુખ્ય કારણો

- ખોટો ઉછેર તથા દેખભાળની ખાની.
- અસમતોલ આહાર
- વાતાવરણની અસમાનતા.

- આનુવંશિક જન્મજાત ખોટ.
- દુષિત પાણી તથા ખોરા
- કૃમી જન્ય રોગ.
- વાણું, વિષાણુ, કિટાણુ
- અકસ્માત અને અન્ય

**પશુધન એ જ ખેડૂતનું સાચુ ધન છે.**

# તંદુરસ્ત અને બીમાર પશુની ઓળખ

## તંદુરસ્ત પશુ

- હંમેશા સતર્ક હોય છે.
- વામડી ચળકતી તેજ મારતી હોય છે.
- પીઠ ઉપરહાથ મુકતા થરથરી ઉઠે.
- સરળ રીતે ઉઠબેસ કરે.
- આંખ સ્વચ્છ અને ચોખ્ખી હોય.
- શ્વાસોચ્છ્વાસ સામાન્ય હોય.
- છાણ મૂત્રની માત્રા રંગ સામાન્ય હોય.
- પશુનો ઝાડો નરમ હોય, દુર્ગંધ ન મારે.
- નાકના ફણા ઉપર પાણી ના ટીપા બાઝેલા હોય.(પાણીના મોતીયા ખાવાની ઈચ્છા ધરાવે છે.)
- વગોળવાનુ સામાન્યરીતે કરે છે.
- મુકત રીતે પેશાબ કરે છે.
- પાણી પીવાની ઈચ્છા રાખે છે.
- ખરી સામન્ય હોય.
- ગર્ભાશયમાંથી બગાડ ન આવે.
- શરીરનુ તાપમાન સામાન્ય હોય.
- પોતાના શરીર પર માખી બેસવા દે નહી.
- દોહન સામાન્ય હોય અને દરરોજ જેટલુ દૂધ હોય તેટલુ પુરુ દૂધ આપે.

## બીમાર પશુ

- સતર્ક ન હોય.
- ચામડી બરછટ હોય.
- નિસ્તેજ(કોઈ અસર ન થાય) બેસી રહે.
- ઉઠબેસ કરવામાં તકલીફ પડે.
- આંખમાંથી પાણી પડે અને સફેદ ચીપણા વળે.
- તકલીફ પડે અસામાન્ય હોય.
- છાણ મૂત્રની માત્રા રંગ સામાન્ય ન હોય.
- ઝાડો પાતળો અને દુર્ગંધ મારતો હોય.
- નાક પર પાણીના ટીપા બાજેલા ન હોય.
- ખાવપીવાનુ ઓછુ કરી દે.
- વાગોળવાનુ બંધ કરી દે.
- મુક્ત રીતે પેશાબ ન કરે.
- પાણી ઓછુ પીવે.
- ખરી વધેલી હોય.
- ગર્ભાશયમાંથી બગાડ નિકડતો હોય.
- આચળ કઠણ દૂધમાં લોહી કે ગઠા નિકળે.
- પોતાના શરીર ઉપર માખી બેસવા દે.
- દોહનમાં તકલીફ પડે દૂધ ઓછુ આપે.

# રોગચાળો અટકાવવા માટે આટલુ કરો

- સમયાંતરે છ માસથી તમામ પશુને રશી મુકાવો.
- પશુ રહેઠાણ જંતુનાશક દવાથી સાફ કરો.
- પશુ રહેઠાણ નજીક કાદવ કિચડ થયો હોય તો દુર કરી ચુનાનો છંટકાવ કરો.
- ચેપી રોગથી મરણ પામેલા પશુના મૃતદેહને બાળી નાખો કે ખાડો ખોદીને દાટી દો.
- રોગચાળો ચાલતો હોય તેવા સ્થળેથી પશુ ખરીદી કરી ગામમા લાવશો નહી.

# રોગચાળો થયો હોય ત્યારે લેવાનાં પગલા

- નજીકના પશુ દવાખાને પશુડોક્ટરને જાણ કરો.
- રોગિષ્ટ પશુને તંદુરસ્ત પશુથી અલગ રાખો.
- રોગિષ્ટ પશુના સંપર્કમાં આવેલુ, બચેલ ઘાસ દાણ બાળી દો.
- ચેપી રોગથી પીડાતા પશુઓને અવાડે, તળાવ, કે નદીએ પાણી પીવડાવવા લઇ જશો નહી.
- રોગ ચાલતો હોય તે સમયમાં ગામમાથી પશુને બહાર લઇ જશો નહી.
- તાત્કાલીક રોગનુ નિદાન કરાવી અસર ન પામેલ પશુને રશી મુકાવી લો.

# રસીકરણ

સમયસરના રોગપ્રતિબંધક રસીકરણ મારફત ઘણા રોગો અટકાવી શકાય.

- રસી બે પ્રકારની હોય છે. જીવંતરરસી અને મૃતરસી. જીવંતરસી લાંબા સમય માટે પ્રતિકારક શક્તિ આપે છે. પરંતુ કેટલીક વખત જોખમી પુરવાર થાય છે. જ્યારે મૃતરસી ટૂકાગાળા માટે પ્રતિકારક શક્તિ આપે છે.
- રસી ડોક્ટરની સલાહ મુજબ જ આપવી.
- રસી બનાવવમાં તેમ જ મુકવાના સાધનો વાપરતા પહેલા અને વાપર્યા પછી ગરમ પાણીમાં ઉકાળી જંતુ મુક્ત કરવાં.
- રસીકરણ બાદ બચેલી રસી બાળી દો કે દાટી દઈને નાશ કરો.
- રોગ થાય તે પહેલા પશુને રસીકરણ કરાવી રોગ સામે રક્ષણ અપાવો અને કિમતી પશુ બચાવો.
- કૂતરૂ કરડેલા ભાગને તાત્કાલીક સાબુના પાણી થી ધોઇ નાખો. અને જંતુનાશક દવા લગાડો.આવા ઘા ઉપર પાટો બાંધવો નહી.

## **<u>રસીકરણનું સમય પત્રક</u>**

| ક્રમ | રોગ | રસી મુકવાનો સમય | રસી મુકવાનો ગાળો |
|---|---|---|---|
| ૧ | કાળીયો તાવ | ફેબ્રુઆરી,માર્ચ | દર વર્ષે |
| ૨ | ગળસુંઢો | એપ્રિલ,મે | દર વર્ષે |
| ૩ | ગાંઠીયો તાવ | જૂન | દર વર્ષે |
| ૪ | ખરવા મોવા | નવેમ્બર,ડીસેમ્બર | પહેલો ડોઝ ૪ માસની ઉંમરે અને બીજો ડોઝ ૬ માસ પછી દર વર્ષે |
| ૫ | ચેપી ગર્ભપાત | કોઇ પણ સમયે | ૪ થી ૯ વર્ષની ઉંમરે જીવનમાં એક વાર રસી આપવી. |
| ૬ | હડકવા | જરૂર મુજબ | કુતરૂ કરડયાના ૨૪ કલાકમાં રસીનો પ્રથમ ડોઝ મુકવો. |
| ૭ | બળીયા | નવેમ્બર,ડીસેમ્બર | વર્ષમાં એક વખત |

# પશુઓમાં થતા સામાન્ય રોગો

પશુઓમાં ઘણાં બધા સામાન્ય રોગો એવા જોવા મળે છે કે જેને કોઇ સ્પેશ્યલસારવારની જરૂર હોતી નથી. પરંતુ આપણે તેનો પ્રાથમીક ઉપચાર સમયસર કરી શકીયે. જો પશુ તંદુરસ્ત હોય તો તે ગાભણ સહે લાયશી રહી જાય છે. દૂધ ઉત્પાદન સારૂ આપે છે.પશુઓમાં થતા સામાન્ય રોગોની પશુપાલકને જાણકારી હોય તો જરૂરી પ્રાથમીક સારવાર ઘરે કરી શકે. પશુને તાત્કાલીક રાહત થાય અને રોગ આગળ વધતો અટકી શકે. પશુઓમાં થતા રોગોથી થતુ નુકશાન આ પ્રમાણે છે.

- ચેપી રોગોથી થતુ નુકશાન :૭૦%
- આઉ આંચળને લગતા રોગોથી :૧૨%
- પરોપજીવીઓ અને જંતુથી થતા રોગોથી :૦૮%
- સામાન્ય માંદગીથી :૧૦%

**૧ ખાતુ નથી:** આ ખરેખર રોગ નથી પણ રોગનુ ચિન્હ છે. પશુ ખાતુ નથી-તે ઓછુ ખાય છેકે બિલકુલ ખાતુ નથી, એ આપણે જાણવુ જોઈએ.પશુ વાગોળે છે કે નહી, છાણ પેશાબ કેવો છે, પશુના શરીરનુ તાપમાન માપો જો તાપનામ ઉંચુ હોય તો ડોક્ટરને બોલાવો, જો તમવના હોય તો મોઢુ ખોલી તપાસ કરો જીભ, પેઢુ, જીભ નીચે વગેરે જગ્યાએ જોવો.

**સારવાર:**

૧. અજમો ૫૦ ગ્રામ
૨. સૂઠ ૨૦ ગ્રામ
૩. સોડા બાય કાર્બોનેટ(પાપડીનો ખાર) ૫૦ ગ્રામ
૪. ગોળ ૫૦ ગ્રામ

ઉપરનુ મિશ્રણ ખાણમાં કે લાડુ બનાવી રોટલામાં આવવો.

**૨ આફરો:** પશુનો આ એક સામાન્ય રોગ છે. આ રોગમાં પશુના પેટમા ખોરાકના પાચન દરમિયાન વધુ પડતા ગેસ ભરાવથી રોગ ઉત્પન્ન થાય છે. પશુઓ વધુ પડતો લીલો ચારો કુમળુ ઘાસ વધુ પડતુ ચરે ત્યારે આફરો ચઢે

છે. દુષ્કાળના સમયમાં દુરથી લીલા ચારાની ટ્રકો આવે તે ચારો વધુ સમય દબાયેલો રહેતા તે બાફ મારી જાય છે અને આવો ચારો પશુઓ ખાતા તેને આફરો એકદમ ચઢે છે. પશુની ડાબી બાજુ એ પેટનો ત્રિકોણાકાર પ્રદેશ ફુલેલો દેખાય છે. તેને દબાવતા પણ દબાતો નથી.પશુ બેચેન બની જાય છે. વારંવાર ઉઠબેસ કરે છે.વ્યાકુળ થઈને હાફે છે. પોદળો અને પેશાબ કરવાનો પ્રયત્ન કરે છે પણ પેશાબ પોદળો આવતા નથી.

સારવાર:

આફરાનુ કારણ શોધી કાઢો.ગમાણ માથી દાણ-લીલો ચારો દુરકરો, પાણી બંધ કરો. તરત પણ ધીમે ધીમે નીચે પ્રમાણેનુ મિશ્રણ પીવડાવો.

૧. ટરપેન્ટાઈન તેલ ૨૦ મી.લી

૨. ખાવાનુ તેલ ૨૫૦ થી ૩૦૦ મી.લી

૩. હીગ ૧૫ ગ્રામ

ઉપરોક્ત મિશ્રણ ધીમે ધીમે માળથી પીવડાવો. પશુનુ મો ખુલ્લુ રહે તે માટે મોમા લાકડાનો મોરડો બાંધો. જેથી મો વાટે પેટમાંથી ગેસ બહાર નીકળે.

કોઈ પણ રીતે આફરો ઉતરે નહી તો છેલ્લે પશુ ડોક્ટર બોલાવી ટોકાર-કેન્યુલાથી પેટમાથી ગેસ બહાર કાઢી નાખવો.

૩ ઝાડા (તાવ વગર): આ પણ એક રોગનુ ચિન્હ છે.પશુ એકદમ ઢીલો પોદળો કરે છે.ઘણી વખત પાણી જેવો હોય.ગંભીર કેસમાં લાળ જેવો ચીકણો પદાર્થ, લોહી પણ દેખાય, ઘણી વખત દુર્ગધ મારે છે, પશુ નબળુ પડે છે.

કાળજી: લીલો ચારો અને દાણ ન આપે, છાણનો નમુનો લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવો.

સારવાર:

૧. ચોક પાવડર ૧૦૦ ગ્રામ

૨. કાથો ૨૦ ગ્રામ

૩. પાણી ૨૦૦ થી ૩૦૦ મી.લી

ઉપર મુજબનુ મિશ્રણ આપો.જો પોદળામાં લોહી આવતુ હોય તો ૩-૪ સલ્ફાડીમીડીનની ગોળી ઉપરના મિશ્રણ સાથે આપો ગંભીર કેસમાં ડોક્ટરને બોલાવો.

૪ દૂધીયો તાવ (મીલ્ક ફીવર): આ રોગ ખાસ કરીને બીજાથી પાંચમાં વેતર વિયાણ વખતે જોવા મળે છે.વિયાણ પછી ૨૪ થી ૨૮ કલાકમાં વિષેશ લાગુ પડે છે.ખીરૂ તથા દૂધમાં શરીરનુ કેલ્શિયમ તત્વ લગભગ નિકળી જાય છે.લોહીમાં કેલ્શિયમનુ પ્રમાણ ઘટે છે.પેરાથાઈરોઈડ નામની ગ્રંથી જે કેલ્શિયમુ નિયંત્રણ કરે છે.તેમા અવરોધ કે અસમાનતા ઉભી થતા આ રોગ થાય છે.

રોગના ચિન્હો:

૧. વિયાણ પછી આ રોગ ૪૮ કલાકની અંદર લાગુ પડે છે.
૨. ભીત સાથે માથા પછાડે છે.
૩. ખીલેથી છુટવાનો પ્રયત્ન કરે છે. તે માટે આમતેમ ખેંચાય છે.
૪. પશુ બેશી જાય છે.ડોક ોઇછળ પેટ ઉપર વાળવ દે છે.
૫. આંખે  દેખાતુ નથી.પક્ષઘાતની અસર જણાય છે.

સારવાર અને અટકાવઃ

આ રોગમાં કોઇ દેશી ઉપચાર કામયાબ આવતો નથી.પશુને તાત્કાલીક સારવાર આપવી જરૂરી છે.વધુ સમય જાય અને શરીરના અભાવે પશુનુ મૃત્યુ થવાનો સંભવ વધારે રહે છે. સારવારમાં લોહીની નસમાં તાત્કાલિક કેલ્શિયમ બોરોગ્લુકોનેટના ઈજેકશન આપવા જરૂરી છે.

આ રોગ અટકાવવા વિયાણ પહેલા ૩ માસ પશુનો ખોરાક કેલ્શિયમ યુક્ત આપવો.વધુ દૂધ આપતા જાનવરોને વિયાણ પછી બધૂ ખીરૂ એક સાથે કાઢી લેવુ પણ થોડા થોડા અંતરે કાઢવુ.અઠવાડીયા સુધી આવા જાનવરોને ત્રણવાર દોહવુ.

૫ કમોડી (શિંગડાનુ કેન્સર): પશુને શિંગડાનુ કેન્સર થાય છે.જેમા બળદ મા તે વિષેશ જેવા મળે છે.ગુજરાતમાં ગીર અને કાંકરેજ ઓલાદ છે.જેમાં કાકરેજ બળદોમાં વધારે જોવા મળે છે.કમોળી થવાના અમુક પ્રેરક બળો જોવા મળે છે.મોટા ભરાવદાર શિંગડા,શિંગડા ઉપર આડેધડ લાકડી મારવી,શિંગડા છોલાવવા કે કઢાવવા.શિગડા ઘુઘરી સાથે ઘસવા વગેરે કારણો હોઇ શકે.વધુ ઉંમર ના બળદોમા આ રોગ વધારે જોવા મળે છે.

રોગના ચિન્હો:

૧. શરૂઆતમાં રોગના કોઇ ચિન્હો જોવા મળતા નથી.રોગ આગળ વધતા ચિન્હો જોવા મળે છે.
૨. પશુ એક બાજુ માથુ નમાવી રાખે છે.
૩. શિંગડાના મુળનો ભાગ ગરમ લાગે છે.
૪. શિંગડામાં ટક્કર મારતા નક્કર ને બદલે ભોદો અવાજ આવે છે.
૫. નાકમથી લોહી યુક્ત પરૂ જેવો સ્ત્રાવ નીકળે છે.

સારવાર અને અટકાવઃ શિંગડાના કેન્સરનુ નિદાન કરાવી.પશુ ડોક્ટર પાસે ઓપરેશન કરવી શિંગડુ કાઢી નખાવવામાં આવે છે. આ રોગની કોઇ દવા ઉપલબ્ધ નથી

આ રોગને અટકાવવા માટે શિંગડાને નુકસાન ન થાય તે ધ્યાનમાં રાખવું.

૬ કાંધ આવવી: કેટલીકવાર બળદની ગરદન પર સોજો આવે છે. અને કઠણ ગાંઠ થઇ જાય છે. ચોમાસાની સીઝનમાં બળદને ઓછુ કામ હોય છે અને પછી ભારે ખેતી કામો હોય ત્યારે બળદની કાંધ આવી જતી હોય છે. ઘણી વખત ધોરારી ખરબચડી છોલાયેલી હોય તો પણ કાંધ ઉપર વાગવાથી સોજો આવે છે.

રોગના ચિન્હો:

૧. કાંધ ઉપરની ચામડી ખરબચડી કઠણ થઇ જાય છે.

૨. કાંધનો ભાગ સોજી જાય છે. સમયાન્તરે રસોડી જેવી ગાંઠ થઇ જાય છે.

૩. બળદની કર્યશક્તિ ઘટે છે.

સારવાર અને અટકાવ: બળદની કાંધ આવી હોય તો ગરમ પાણીથી શેક કરવો. કાંધ ઉપર આયોડેક્સ મલમથી માલીસ કરવુ. ઘુગરીનુ લાકડુ લીસુ વાપરવુ. બળદને આરામ આપવો.

૭ બંધ કોષ-ઝાડો બંધ થવો: પશુને સુકો ઘાસચારો વધારે પ્રમાણમાં આપવામાં આવતો હોય.પાણી ઓછુ પાવવામાં આવેલ હોય.પશુને કબજીયાત હોય.ખાસ કરીને ઉનાળાના દિવસોમાં પશુઓમા આવા બંધકોષના પ્રોબલેમો વધુ થતા હોય છે.

સારવાર: મેગ્નેશિયમ સલ્ફેટ (વિલાયતી મીઠુ) આ પાવડર રૂપી દવાનો ઉપયોગ ખાસ કરીને પશુને કબજીયાત ની સારવાર માટે થાય છે.૨૫૦ ગ્રામ પાવડર નવશેકા પાણીમાં ઓગાળીને નાળવાટે પીવડાવી દેવાથી પશુને રાહત થાય છે. જરૂર જણાય તો બે ત્રણ વાર આપી શકાય.જુલાબ આપવા માટે આ દવાનો ઉપયોગ વિષેશ પ્રમાણમાં થાય છે.

આ ઉપરાંત સામાન્ય રોગોમાં નાના મોટા નવા જુના જખમ,ઉજરડા, લોહી નિકળવુ, શિંગડુ ભાગવુ, અસ્થિભંગ, પશુને ઝેરની અસર થવી, આઉ નો સોજો, તળખ વગેરે થાય છે, અને તેની પ્રાથમીક સારવાર કરવામાં આવે છે.

પ્રાથમીક સારવાર માટે નીચેની વસ્તુઓ સલામત જગ્યાએ રાખવી.
રૂ, થર્મોમીટર, ચીપીયો, ટરપેન્ટાઇન તેલ, ટીચર આયોડીન, આયોડેક્સ મલમ, સ્ટીલની કાતર, પાટા માટે કાપડ, નાળ, એન્ટિબાયોટીક મલમ.

# ચેપી રોગો

૧. જીવાણુથી થતા રોગો

| રોગનુ નામ | રોગના ચિન્હો | સારવાર | અટકાવવાના ઉપાય |
|---|---|---|---|
| કાળીયો તાવ | -પશુને ખુબ તાવ રહે<br>-અચાનક મૃત્યુ થાય<br>કુદરતી છિદ્રોમાંથી લોહી વહે છે. | મોટી માત્રામાં ઓકસીટેટ્રા સાઇકલીન, પેનીસીલીન, સ્ટ્રેપ્ટોમાઇસીન ઈંજેકશન આપવા. | મરણ પામેલ પશુને દાટી દેવુ.મૃત પશુની જગ્યા જંતુરહિત કરવી.દર વર્ષે રસીકરણ કરાવવું. |
| ગાંઠીયો તાવ | -પશુ લંગડુ ચાલે..તાવ આવે.સુસ્ત જણાય | પેનીસીલનિ કે ઓકસીટંટ્રાસાયકલીન ઈજેકશન આપવા. | ઉપર મુજબ...... |
| ચેપી ગર્ભપાત | પાંચ માસના ગાભણ ગાળા બાદ જાનવર તરવાઇ જાય.ઓર પડે નહી.<br>ગર્ભાશયમાં ચેપ લાગે.<br>દૂધ ઉત્પાદન ઘટી જાય. | સફળ ઉપચાર નથી.નિષ્ણાત દોકટરની સલાહ લેવી. રસીકરણ કરાવવુ. | -ચેપી જાનવરનો નિકાલ કરવો તાત્કાલિક સારવારનાંપગલાં લેવાં. |
| નાના વાછરૂને સફેદ ઝાડા. | -૧૦થી ૧૫ દિવસના બચ્ચામાં વિષેશ થાય છે.દુર્ગંધ મારતા સફેદ ઝાડા હોય છે. | ઓકિસટ્રાઈલીન ,સલ્ફોનામાઈડ, અને ટ્રાઈમેથોપ્રીમ ઇન્જેકશન આપવા. | બચ્ચાને ખીરૂ એક સાથે વધારે ધવરાવવુ નહી પણ થોડાથોડા અંતરે ૩થી૪ વાર ધવરાવવુ .<br>વાછરૂ રૂમ ભેજ મુકત સાફ રાખવો. |
| ગલસૂંઢો | -જાનવર સુનમુન થઇ જાય.<br>-ગળામાં સોજો આવે.<br>શ્વાસોશ્વાસ લેવામાં તકલીફ પડે. | કલોરેમફેનીકલો, ઓકસીટંટ્રાસાયકલીન, સલ્ફાડીમીડીન શકાય. | પશુને નિયમિત રસીમુકાવવી.ચોમાસામાં જ્યાં પાણી ભરાતું હોય તેવી જગ્યા કરતાં સૂકી જગ્યામાં પશુ ચરાવવા. |
| ધનુર | સ્નાયુજકડાઇ જાય, તાવ આવે, પરસેવોથાય, જડબા હલે નહી કકડ ચાલ ચાલે, લાળ પડે, નસકોરાં ફૂલે. | ટીટેનશ એન્ટી ટોકસીન,પેનેસીલીન,ટ્રાનકવલિાઇ ઝના ઈન્જેકશન આપવા,ઘા થયો હોય તો સાફ કરી ડ્રેસીગ કરવું | લોખંડ જેવી વસ્તુ પશુને વાગે તો ટીટેનટોકસાઇડનું ઈન્જેકશન આપવું ઉડો ઘા ચયો હોયતો સાફ કરી એન્ટબિાયોટકિના ઇન્જેકશન |


| | | | |
|---|---|---|---|
| ટી.બી. | પશુ ધીમેધીમે દુબળુ પડેઝાડા કેઠીલો પોદળો કરે.<br>વધઘટ તાવ રહે. | આ રોગની સારવાર ખૂબ જ માઘી છે.પણકિંમતિ પશુ બચાવવા એન્ટીબાયોટીક દવા આપવી. | બિમાર પશુને અલગ બાંધવું.<br>ટીબીનુ પરિક્ષણ કરાવી લેવુ શકય હોયતો તેવા જાનવરનો નિકાલ કરવો. |
| ખપરી મસ્ટાઈટીસ | -આઉ આંચળમાં સોજો આવે.આંચળમાંથી લોહી કે ફોદાવાળુ દૂધ આવે.<br>દુખાવો થાય, તાવ આવે. | પેનીસીલીન, સ્ટ્રેપટોમાઈસીન આંચળમાં ચડાવવી.દોહનમાં તકેદારી અને સ્વચ્છતા રાખવી. દોહનમાં બધુ દૂધ દોહી લેવુ.મિલ્ક સાયફન આંચળમાં ચડાવીને બધો દૂધનો બગાડ કાઢી નાખવો. | સ્વચ્છતા રાખવી.દોહનમાં કાળજી રાખવી. દોહન પછી આંચળ પી. પી .ના દ્રાવણથી ધોવા.દોહન પછી પશુને થોડીવાર પછી બેસવા દેવુ નહી. |

## ૨, વાયરસથી થતા રોગ

| રોગનું નામ | રોગના ચિન્હો | સારવાર | અટકાવવાના ઉપાય |
|---|---|---|---|
| ખરવામોવા | -મોમાં -ખરીમાં ચાંદા પડે અને મોમાંથી લાળ પડે.<br>-ખાય શકે નહી. | મો અને ખરી પી.પી.ના દ્રાવણથીસાફ કરવા.ખરીમાં જીવડા પડે તો ફીનાઈલથી ઘા સાફ કરી પાટો બાંધવો. | વર્ષમાં બે વખત રસીકરણ કરવું.રોગીષ્ટ પશુને અલગ બાંધી ખોરાક પાણી આપવા. |
| બકરાનીમરકી-ગોટ પ્લેગ | તાવ ચડે , મોમાં ચાંદાં પડે અને સડો થાય.<br>આંખમાંથી અને નાકમાંથી પ્રવાહી પડે, શ્વાસ લેવામાં તકલીફ પડે. | આ રોગની કોઈ અક્ષીર દવા નથી પણ સહાયક સારવાર આપી શકાય.માતા અને બીયાની રસી સારવારમાં ગુણકારી | તાજેતરમાં રસી શોધાણી છે.ઉત્પાદકની સૂચના પ્રમાણેરસીકરણ કરી શકાય. |
| ઉકારીયુ,ફેફડીયુ | ખાસ કરીને ઘેટાં-બકરાંમાં તાવ આવે.<br>નાકમાંથી ખુબ પ્રવાહી આવે.મરણ પ્રમાણ ઉચુ.ખૂબ ખાંસી આવે. | ટીમ્યુટીંન, ટીયામુટીન, ઓકસીટેટ્રાસાયકલીન, કોરોમાસીટીના ઈન્જેકશન આપવા. | નિયમિત રસીકરણ કરાવવુ.બિમાર પશુ અલગ રાખવા. |
| ચેપી ન્યુમોનીયા | ઘેટા-બકરાંમાં તાવ આવે. | ઉપર મુજબની સારવાર કરવી. | ઉપર મુજબના ઉપાય કરવા. |

| | | | |
|---|---|---|---|
| | નાકમાંથી લોહી યુકત પ્રવાહી આવે.<br>શ્વાસ લેવામાં તકલીફ. | | |
| માતા/બળીયા | ઘેટા બકરામાં તાવ આવે મોમાં ચાંદાં પડે, લાળપડે. દુર્ગંધ મારતા ઝાડા થાય આંખો આવે,ચામડી ઉપર ભીના લાલ ચાઠાં પડે. | આ રોગ જલદીથી કાબુમાં આવતો નથી. જાનવરને રાહત રહે તે માટે એન્ટીબાયોટીકસ તેમજ ગ્લુકોઝનુ દ્રાવણ આપવુ. | આ રોગને કાબુમાં લેવા માટે માતા બળીયાનું રસીકરણ કરાવવુ ખૂબ જરૂરી છે. |
| વલો | -પશુને તાવ આવે. શુષ્ક રહે, ખાવાનું બંધ કરે.<br>આંખો તથા નાકાંથી પાણી નીકળે.<br>લંગડુ ચાલે, ૩-૪ દિવસ પછીપશુ ચાલતુ થાય. | સોડીયમ સેલીસીલેટ કે ફીનાયલ બ્યુટાજોન જેવી દવા તથા એન્ટીબાયોટીકઆપી શકાય. | આ રોગની કોઇ રસી નથી પણ સ્વચ્છતા ખાસ જરૂરી છે. |
| હડકવા | -જાનવર ઉત્તેજીત લાગે.<br>દોડાદોડ કરે.<br>કીકી પહોળી જોવા મળે.<br>માથા પછાડે.ભાંભરે અને કરડવા જાય. | હડકાયુ કુતરુ કે જાનવર કરડે એટલે તાત્કાલિક હડકવાના ઈંજેકશન અપાવવા. | રસી તાત્કાલીક મુકાવવી. |

# બાહ્ય પરોપજીવીઓ




મચ્છર, ઝીગોળી વગેરે પરોપજીવીઓ છે. આ પરોપજીવીઓ પશુને ઘણુ બધુ નુકશાન પહોચાડે છે. પોષકના શરીર ઉપર રહેતા તેમજ બહારથી હુમલો કરી પોષણ મેળવતા પરોપજીવીઓ બાહ્ય પરોપજીવીઓ કહેવાય.

ગાયો ભેસો જેવા પશુઓમાં આવા પરોપજીવીઓ મારફતે ઘણા બધા રોગો થાય છે. કથીરી, જૂ, ઇતરડી, બગાઇ, માખો, ચાંચડ છે.

- તેઓ પશુના શરીરમાંથી લોહી ચૂસે છે.
- તેઓ પશુના શરીરમાં વિકાસ પામી કાષોનો નાશ કરે છે.
- તેઓ પશુના શરીરમાં વિશિષ્ટ વિકાર ઉત્પન કરે છે.
- પશુના શરીરમાં રોગ પ્રતિકાર શકિત ઘટાડે છે.
- તેઓ પશુના શરીરમાં ઉત્પાદન અને કાર્યશકિત ઘટાડે છે.

- તેઓ થાઈલેરીયાસીસ, ચકરી જેવા ભયંકર અને જીવલેણ રોગોના ફેલાવવામાં મદદરૂપ થાય છે.

આવા પરોપજીવીઓ પશુઓના શરીર,જમીન,રહેઠાણ, ગમાણતથા ઘાસચારા અને તિરાડોમારહે છે. ભેજવાળા અંધારા વાતાવરણમાં આનો ઉપદ્રવ વધુ હોય છે. આ માટે પશુઓને આવાપરોપજીવીઓથી રક્ષણ આપવુ જાઈઅ.

રહેઠાણ, જમીન, ગમાણ, તિરાડ વગેરેમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવો.આવી દવા ઝેરી હોવાથી સાવધાનીપૂર્વક ઉપયોગ કરવો.ડી.ડી.ટી, ગેમેક્ષીન, એલ્ફીન, બ્યુટોક્ષ વગેરે પ્રચલિત દવાઓ છે.

# પશુપાલન વ્યવસાયમાં રેકર્ડનું મહત્વ

## ગાયોના રેકોર્ડ જાળવણી અંગે સૂચનાઃ

- ફાર્મ ઉપર રાખવામાં આવતા રેકોર્ડ એવર્ષ દરમ્યાન ઉદભવતા જુદાજુદા પ્રસંગોની નોધ છે.જેનો અભ્યાસ કરવાથી ખેડૂતને પોતાના ભવિષ્યના ઘણનું વ્યવસ્થાપન અને આયોજન કરવામાં તે મદદરૂપ નીવડે છે.જો કે તેમ છતાં ઘણી જગ્યાએકોઇ પણ પ્રકારના રેકોર્ડ રાખવામાં આવતા નથીઅથવા તો અધૂરા કે અપૂરતા રેકોર્ડ રાખવામાં આવે છમાટા બાગના ખેડૂતો તેમની યાદદાસ્ત ઉપર ભરોસો રાખે છે.ખોટી ભૂલભરેલી જાણકારી મોઘી પડે છે.વાછરૂની જન્મ તારીખ ,વાડકીના પ્રથમ વિયાણની ઉમર, કૃત્રિમ બીજદાનની તારીખ,દૂધ ઉત્પાદન અંગેના રેકોર્ડ,રસીકરણ અને કૃમિનાશક દવાના ડોઝની તારીખ વગેરે મહત્વની નોધ રાખવા જેવા રેકોર્ડ છે.જો યોગ્ય રીતે તેની નોંધ રાખવામાં આવે તો નીચેના કાર્યમાં તે સહાયભૂત થશે.
- રાજીંમદા વ્યવસ્થાપનના નિર્ણયો લેવામાં.
- પ્રગતિનો દર નક્કી કરવાંમાં.
- પ્રશ્નો હલ કરવામાં.
- ભવિષ્યનું આયોજન કરવામાં.
- શંસોધનમાં મદદરૂપ થવામાં .
- ખેડૂતોએ દરેક ગાયના નીચે જણાવ્યા મુજબની રેકોર્ડ જળવણી કરવી જાઇએ.
- જન્મ ારીખ અને વંશાવળી.
- દૂધ ઉત્પાદનઃ દૈનિક/અઠવટડીક/માસિક(આથી વેતરનું દૂધઉત્પાદન જાણી શકાસે)

- પ્રજનન અંગેનીજાણકારીઃ કૃત્રિમ બીજદાનની તારીખ,ગર્ભપાત અને વિયાણની તારીખ
- પશુ આરોગ્ય વિષયક માહિતિઃ રસીકરણ,કૃમિનાશક દવા,સારવાર વગેરે
- ખોરાક તથા દાણના વપરાશ અંગે.
- ઉપર પ્રમાણેના રેકોર્ડ જાળવવા માટે દરેક પશુની ઓળખ હોવી ફરજીયાત છે જે કાનમાં કડી પહેરાવવાથી કે છૂદણાંનંબરટીગાડી આપવાથી થઇ શકે. બાયફ ડેવલપમેન્ટ રીસર્ચ ફાઉન્ડેશન ઉરલીકાંચન ખાતેના શંશોધન કેન્દ્રપર રાખવામાં આવાગાયના કાર્ડની નકલ સામેલ છે.
- ઉપર જણાવેલ વિવિધ જાણકારીનું વ્યવસ્થિત રતિ વિશ્લેષણ કરવામાં આવે તો દૂધના ધંધાના અર્થતંત્ર નો કયાસ આવે અને કોઇક જગ્યાએ સુધારો કરવો હોયતો તેમ કરવામાં સરળતા રહે.
- પશુ આરોગ્ય અંગેની ગણત્રીઃ
- સફળ ગોપાલનનો આધાર સંવર્ધન, સમતોલ પોષણ અને સારા વ્યવસ્થાપન ઉપરમહદઅંશે અવલંબે છે.
- નોધ રાખવી.
- ટોળાના તમામ પશુને લગતા વિવિધ અગત્યના મુદઓની નોધ રાખવી કોઇ વ્યકિત ની કુંડળી કે જન્માક્ષરની નોધ રાખવીએ તેટલી જ મહત્વની છે.આપણે સાચી નોધ રાખેલી હોય તા તે ગાયના દૂધ ઉત્પાદન, વિયાણ, ગાય કયારે ફળી, કયારે વીયાણીવગેરે માહીતી મળી રહે.
- ગાય ફળ્યાની નોધ.
- ગાય કયારે ફળી, સાંઠનું નામ, ક્રોસ બીડ, વગેરે માહીતી. ગાયે કેટલા ઉથલા માર્યા તેમાહીતી પણ મળી રહે છે.
- દૂધ રજીસ્ટર.
- આ રજીસ્ટરમાં દરેક ગાયની પર્સનલ બંને ટાઇમ કેટલુ દૂધ આપેલ છે તેની નોધ રાખવામાં આવે છે. આથી ગાયના આખા વેતરમાં કેટલુ દૂધ આપેલ તેની માહીતી મળી રહે છે.
- રસીકરણ.
- આ રજીસ્ટરમાં પશુને આપેલ રસી (ગળસૂંઢો, ખરવામોવા, કાળીયો તાવ)રસી મૂકાવ્યા તારીખ, રસી બનાવનાર કંપનીનુ નામ, બેચ નં.
- પશુ સારવાર રજીસ્ટર.
- આ રજીસ્ટરમાં પશુ કયારે શુ બિમાર પડેલ અને શુ દવા કરવામાં આવેલ વગેરેમાહીતી મળી રહે છે.
- ખાણદાણ અને ઘાસચારા રજીસ્ટર.
- પશુને દરરોજઆપપવામાં આવતા દાણ અને ઘાસચારાની માહીતી મળી રહે છે.

# વિયાણના લક્ષણો

- પશુ બેચેની અનુભવે છે.
- ઉઠ બેસ કરે છે.
- પાછલા પગ પછાડે છે.
- આડે પડખેથઇ સૂઈને બળ કરે છે.
- પીડા શરૂ થયા બાદરથીૐ કલાકે પ્રવાહી ભરેલ કોથળી યોની દ્વારથી બહાર દેખાય છે.




- પ્રસવની પીડા શરૂ થયા પછી જો ૩થી ૪ કલાકમાબચ્ચુ બહાર ના આવે તો પશુ ડોકટરને બોલાવી લાવવો.


# વાછરૂ ઉછેર

સારા ધણ ઘરે તૈયાર કરવાના હોય, નહિ કેવેચાતા લાવવાના

બહારથી તૈયારગાય લાવવા કરતાં, ગીર કે કાંકરેજ અથવા દેશી ગાયમાંથીસંકર સંવર્ધન મારફત શંકર વાછરડી ઘેર પેદા કરી તેનો યોગ્ય ઉછેર કરી સારી સંકર ગાય ઘર આંગણે જ તૈયાર કરો.

વાછરૂની કાળજી  તેના જન્મ અગાઉ ગાયના ગર્ભાશયમા હોય ત્યારથી જ શરૂ થાય છે.ગાયનો ગર્ભકાળ ૨૭૦ થી ૨૮૦ દિવસનો હોય છે.

# બચ્ચાના જીવનની શરૂઆત કરીએ,સ્વાસ્થય સંરક્ષક ખીરાથી




# નાળ બાંધવી



## વાછરૂનાં શિંગ ડામી કાયમ માટે નાબૂદ કરો



ફાયદા : શિંગડાનું કેન્સર થતું નથી
સ્વભાવે શાંત બને

જન્મ બાદ ૨ થી ૩ અઠવાડિયાની અંદર શિંગડાં નાબૂદ કરો. જેથી તે ભવિષ્યમાં બીજા પશુઓને ઈજા ન પહોંચાડે

## વાછરૂને ટોપલીમાં મૂકીને વજનનો અંદાજ કાઢો




અગર જર્સી સંકર વાછરુ હોય તો અંદાજે વજન ૨૦ થી ૨૫ કિલો હોય છે. હોલ્સ્ટીન હોય તો ૨૫ થી ૩૦ કિલો હોય છે

વાછરુને તેના વજનના ૧૦ ટકા જેટલા દૂધની જરૂર હોય છે. આથી વજન કરવાથી તેને કેટલું દૂધ પિવડાવવું તેની ખબર પડે છે. વાછરુના જન્મ સમયના વજનને તેના ભાવિ વિકાસ સાથે સીધો સંબંધ છે.


## કૃમિનાશક દવા પીવડાવો





## રોગ પ્રતિકારક રસીકરણ




## લીલો પૌષ્ઠિક ચારો અને દાણ આપવાનું ચાલુ કરો




## યોગ્ય ઉછેર કરાતા વાછડી વહેલી ઉંમરે પુખ્ત છે.




| છાતીનો ઘેર | | હોલ્સ્ટીન | જર્સી | છાતીનો ઘેર | | હોલ્સ્ટીન | જર્સી | છાતીનો ઘેર | | હોલ્સ્ટીન | જર્સી | છાતીનો ઘેર | | હોલ્સ્ટીન | જર્સી | છાતીનો ઘેર | | હોલ્સ્ટીન | જર્સી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇંચ. | સે.મિ. | કિ.ગ્રા. | કિ.ગ્રા. | ઇંચ. | સે.મિ. | કિ.ગ્રા. | કિ.ગ્રા. | ઇંચ. | સે.મિ. | કિ.ગ્રા. | કિ.ગ્રા. | ઇંચ. | સે.મિ. | કિ.ગ્રા. | કિ.ગ્રા. | ઇંચ. | સે.મિ. | કિ.ગ્રા. | કિ.ગ્રા. |
| ૨૩ | ૫૮ | ૨૧ | ૧૯ | ૩૨ | ૮૦ | ૫૧ | ૪૮ | ૪૧ | ૧૦૨ | ૧૦૨ | ૯૭ | ૫૦ | ૧૨૫ | ૧૭૫ | ૧૬૯ | ૫૯ | ૧૪૭ | ૨૭૬ | ૨૭૨ |
| ૨૪ | ૬૦ | ૨૩ | ૨૧ | ૩૩ | ૮૩ | ૫૬ | ૫૨ | ૪૨ | ૧૦૫ | ૧૦૯ | ૧૦૪ | ૫૧ | ૧૨૭ | ૧૮૫ | ૧૭૯ | ૬૦ | ૧૫૦ | ૨૮૯ | ૨૮૪ |
| ૨૫ | ૬૨ | ૨૬ | ૨૪ | ૩૪ | ૮૫ | ૬૧ | ૫૭ | ૪૩ | ૧૦૭ | ૧૧૬ | ૧૧૧ | ૫૨ | ૧૩૦ | ૧૯૫ | ૧૮૯ | | | | |
| ૨૬ | ૬૫ | ૨૯ | ૨૭ | ૩૫ | ૮૮ | ૬૬ | ૬૨ | ૪૪ | ૧૧૦ | ૧૨૩ | ૧૧૮ | ૫૩ | ૧૩૨ | ૨૦૫ | ૨૦૦ | | | | |
| ૨૭ | ૬૮ | ૩૨ | ૩૦ | ૩૬ | ૯૦ | ૭૧ | ૬૭ | ૪૫ | ૧૧૨ | ૧૩૧ | ૧૨૬ | ૫૪ | ૧૩૫ | ૨૧૬ | ૨૧૧ | | | | |
| ૨૮ | ૭૦ | ૩૫ | ૩૩ | ૩૭ | ૯૩ | ૭૬ | ૭૨ | ૪૬ | ૧૧૫ | ૧૩૯ | ૧૩૪ | ૫૫ | ૧૩૭ | ૨૨૭ | ૨૨૨ | | | | |
| ૨૯ | ૭૩ | ૩૯ | ૩૬ | ૩૮ | ૯૫ | ૮૨ | ૭૮ | ૪૭ | ૧૧૭ | ૧૪૮ | ૧૪૨ | ૫૬ | ૧૪૦ | ૨૩૯ | ૨૩૪ | | | | |
| ૩૦ | ૭૫ | ૪૩ | ૪૦ | ૩૯ | ૯૮ | ૮૮ | ૮૪ | ૪૮ | ૧૨૦ | ૧૫૬ | ૧૫૧ | ૫૭ | ૧૪૨ | ૨૫૧ | ૨૪૬ | | | | |
| ૩૧ | ૭૮ | ૪૭ | ૪૪ | ૪૦ | ૧૦૦ | ૯૫ | ૯૦ | ૪૯ | ૧૨૨ | ૧૬૫ | ૧૬૦ | ૫૮ | ૧૪૫ | ૨૬૩ | ૨૫૮ | | | | |

Animal Body-Weight Table

## વાછરૂ ભવિષ્યની આશા છે- કાળજી વછરૂનું ભવિષ્ય છે.



## વાછરૂ ઉચ્છેર માટે મહત્વની બાબતો

- બચ્ચાના જન્મ બાદ નાળને બે ઇંચ રાખી ને બાકીની નાળ કાપી દોર વડે બાંધી ટીચર આયોડીન લગાડવું.
- બચ્ચાને જન્મ પછી કલાકમા કે અડધા કલાકમાં ખીરૂ ધવડાવવાથી બચ્ચાને રોગ પ્રતિકારક શકિત અને પોષકતત્વો વધુ મળે છે.ત્રણ દિવસ સુધી બચ્ચાને દિવસમાં ચાર વખત ધવડાવવું.
- બે માસ સુધી બચ્ચાને વજનના ૧૦ ટકા જેટલું દરરોજ ધવડાવવું.ત્યાર બાદ ક્રમશઃઘટાડો કરવો.
- બચ્ચુ અઠવાડીયાનું થાય એટલે કુમળુ ઘાસ ખવડાવવું.ત્રીજા અઠવાડીયાથી ઉત્તમ સુપાચ્ય ઘાસ આપવું.
- છ માસ પછી બધા રોગની રસી મૂકાવવી.
- વાછરૂ ૧૦૦ગ્રામ દાણ ખાઇ શકેતેમાં ક્રમશઃ વધારો કરી રોજનું એક વર્ષનું થાય ત્યાંસુધી એક કિલો દાણ આપવું.આ ઉપરાંત ખાઈ શકે તેટલો સારોસુપાચ્ય લીલો અને સુકો ઘાસચારો આપવો.

બચ્ચાના જન્મ બાદ તુરત જ નાક, કાન,મો પરની ચીકાસ દુર કરી, વ્યવસ્થિત સાફ કરો. બચ્ચને છાતી ઉપર માલીસ કરી શ્વાસોચ્છવાસ નિયમિત કરો.

## સ્વચ્છ દૂધ ઉત્પાદન (Clean Milk Production)

નિરોગી ગાયમાંથી સ્વચ્છ સુકા વાસણમાં સ્વચ્છતાના ધોરણો જાળવી દોહેલું દૂધ કે જેનો સ્વાદ,વાસ તાજો અને કુદરતી હોય અને જે મનુષ્યના આરોગ્યને હાનિકારક ના બને તેને સ્વચ્છ દૂધ કહેવાય.

### આ માટે અગત્યની બાબતો

- તંદુરસ્ત અને સ્વચ્છ ગાય.

- ચોખ્ખા વાસણો.
- સ્વચ્છ ગમાણ- સાફ દોહનાલય.
- દૂધ દોહનારની સ્વચ્છતા.

ગાયનું આઉ છાણ, મૂત્ર,કાદવઅને ગર્ભાશયમાંથી નિકળતા સ્ત્રાવથી ખરડાય છે. આંચળના ખુલ્લાં છિદ્રો રોગના જીવાણુ માટે  પ્રવેશનો સીધો રસ્તો પુરો પાડે છે. સ્વયં  દૂધ પોતે પણ જીવાણુના વિકાસમાટેનુ માધ્યમછે. આથી આ સંજોગોમાં સ્ચ્ચ્છ રીતે દૂધ ઉત્પાદન મેળવવુ ઘણુ અગત્યનુ છે.

દૂધમાં વિવિધ પ્રકારના સુક્ષ્મ જીવાણુઓ હોય છે, જે નરી આંખે જોઇ શકાતા નથી.આપણા માટે જેમ દૂધ એક ઉત્તમ ખોરાક છેતે જ રીતે સુક્ષ્મ જીવાણુની વૃદ્દિમાટે દૂધ એક ઉત્તમ માધ્યમ છે.તેથી જ દૂધમાં જીવાણુ ખૂબ ઝડપથીવૃધ્ધિ પામે છે.અને થોડા કલાકોમાં દૂધને બગાડે છે.દૂધમાં જીવાણુઓના પ્રવેશ અને વૃધ્ધિ અટકાવવા માટેની અગત્યની માહીતી આપણા પશુપાલકો જાણે તે જરૂરી છે.

## સ્વચ્છ દૂધ એટલે શુ ?

- જે દૂધ નિરોગી દૂધાળા પશુઓ દ્વારા પ્રાપ્ત  થયુ હોય.
- જે દૂધ સામાન્ય બંધારણ તેમજ સ્વાદ સુગંધ વાળુ હોય.
- જે દૂધ ધૂળ, માટી કે અન્ય કચરાથી મુકત હોય.
- જે દૂધમાં ખૂબજ ઓછી સંખ્યામાં સુક્ષ્મ જીવાણું હોય.

## સ્વચ્છ દૂધની  શા માટે આવશ્યકતા છે.

- સ્વચ્છ  દૂધ જલ્દી બગડી જતુ નથી.
- દૂધ આરોગ્ય  માટે હાનીકારક નથી.
- દૂધમાથી દૂધની બનાવટો  બનાવવા  માટે લાંબા સમય સુધી યોગ્ય રહે છે.
- સ્વચ્છ, ગુણવત્તાસભરદૂધમાંથી  બનાવેલ બનાવટો ગુણવત્તાવાળી બને છે.
- આપણી આવી બનાવટો  રાષ્ટ્રીય અનેઆંતરરાષ્ટ્રીય બજારમાં હરીફો માટે સુગમ બને છેં.
- બનાવટોની નિકાસ કરવાની તકો ઉજળી બને છે.
- વધુ વેચાણ, વધુ નિકાસથી વધુ ધંધો જેના પરિણામ રૂપે દૂધ ઉત્પાદકોને વધુ વળતર ચૂકવી શકાય.

# સ્વચ્છ દૂધ ઉત્પાદનમાં પાયાની બાબતો.

- સ્વચ્છ અને નિરોગી દૂધાળુ જાનવર.

સ્વચ્છ દૂધ ઉત્પાદન માટેના સૂચનો :

⇨ પોટેશિયમ પરમેગેનેટના મંદ દ્રાવણવાળા પાણીથી અવાળાને સાફ કરો અને સુકુ કરો.

⇨ Full hand method દ્વારા સંપૂર્ણપણે દોહી દો.

⇨ વારંવાર દૂધ દોહનના નિર્ધારીત સમયમાં ફેરફાર ના કરવા તે આઉનો સોજો થવામાં કારણભૂત બની શકે.

⇨ દોહયા બાદ, આંચળને દવાના દ્રાવણમાં ડૂબાડો.

⇨ સમતોલ દાણ દોહનની વિધિ દરમ્યાન અથવા ત્યાર બાદ આપો.

સૌ પ્રથમ તાજી વિયાયેલ, પ્રથમ વખત વિયાણ થયેલ હોય તેવી ગાયને દોહવી.ત્યાર બાદ પાછળથી વિયાયેલ અને આઉના સોજાવાળી ગાયને સૌથી છેલ્લે દોહવી.(સ્વચ્છ પશુ ગમાણ –રહેઠાણઅને વાતાવરણ.


- સ્વચ્છ વાસણો.
- સ્વચ્છ અને નિરોગી દોહનાર વ્યકિત.
- સ્વચ્છ પાણીનો વપરાશ.
- સદ્રઢ, સુરક્ષિત અને ઝડપી દૂધનુ વહન.
- ચીલીગ વ્યવસ્થા.

સ્વચ્છ દૂધ ઉત્પાદનમાટે પાયાનુ કામ દૂધ ઉત્પાદકોએ કરવાનુ છે.આ ઉપરાંત દૂધના ધંધા સાથે સંકળાયેલ પશુપાલકો, ગ્રામ્ય દુધ મંડળીદૂધ વહન કરનાર સાધન અને સંચાલક એ મહત્વનો ભાગ ભજવવાનો હોય છે. દૂધમાં કેટલીક વાર નગમતી કે વિચિત્ર વાસ આવતી હોય છે. તે અંગે જાણકારી હોવી જરૂરી છે. ખપરી રોગના કારણે દૂધ વધારેમાં વધારે બગડે છે.




## દૂધનો ધંધો એટલે ખેડૂતો માટેઘેર બેઠાં બારે માસ આવકનુ સાધન

## ચાફકટરનો ઉપયોગ-ઘાસનો બગાડ અટકાવવા




મોટાભાગે પશુઓને જુવાર,બાજરી,મકાઇ વગેરે સૂકા કે લીલા ઘાસચારા આખે પુરીયા નિરવામાં આવે છે આથી પશુ તેના કુમળા ભાગો પાદને તે ખાય ને બાકીના ભાગ રાડાઓ ઓગઠમાં કાઢી નાખે છે.જેથી ઘાસચારાનો બગાડ પુષ્કળ થાય છે.આ બગાડ અટકાવવા માટે પશુને ખવડાવવાના ઘાસચારાને ચાફકટરથી ચાફ કરીને જ ચારો ખવડાવવો જોઇએ.

પશુઓને ખવડાવતા પહેલાં ઘાસચારાના ૨ થી ૨.૫ સે.મી. લંબાઇના નાના ટુકડા કરવા જોઇએ.જેથી ઘાસચારાનો બગાડ અટકાવી શકાય. ધંધાદારી રીતે

પશુપાલન કરવામાં આવતુ હોય ત્યાં ઘણા બધા ઘણા બધા પસુઓનો નિભાવ થતો હોય ત્યાંમોટા ચાફકટરોનો ઉપયોગ થતો હોય છે.ખેડૂતના ઘેર ખેતી સાથે પશુપાલન વ્યવસાય કરતો હોય તો થોડા લિમિટેડ પશુઓ માટે ઘાસચારાનુ ચાફ કરવા માટે હાથથી ચાલતા સૂડાઓનો ઉપયોગ કરી શકાય.

# ચાફકટરની જાળવણી

- ચાફકટર શરૂ કરતાં પહેલાં તમામ નટ-બોલ્ટની તપાસ કરી ,ગ્રીસ વગેરેની તપાસ કરવી જોઈએ
- ચાફકટરમાં બ્લેડ માપસર મૂકવી જોઈએ.ઓછી બ્લેડ મૂકવાથીઘાસના ટુકડા મોટા થાય છે. અને વધુ બ્લેડ મૂકવાથી એન્જીન/મોટર ઉપર વધારે દબાણ ાાવવાથી એમની કાર્યક્ષમતા ઉપર વિપરીત અસર પડે છે.
- વીજળીનો પ્રવાહ સામાન્ય હોય ત્યારે ચાફકટર ચાલુ કરવુ જોઈએ.
- ચાફ કટરનો ઉપયોગ સામાન્ય રીતે ૪થી૬ કલાક સુધી કરી શકાય.તેમજ ૩થી ૪ કલાકે ઓઈલ ગ્રીસીગ કરતા રહેવું જોઇએ.
- ચાફકટરની બ્લેડની ધાર અઠવાડીયે તેજ કરાવવી જેથી તેની કાર્યક્ષમતા જળવાઇ રહે.
- કઠોળ-ધાન્ય વર્ગના ઘાસચારા માટે ચાફટટરનો ઉપયોગ કરવો ઉત્તમ ગણાય પરંતુ કઠોળ વર્ગના નાના ઘાસચારા માટે નાના ચાફકટરનો ઉપયોગ કરવો.
- ચાફકટર બંધ કર્યા પછી નિકરવી.


# કૃમી

ચિન્હો:

- નાના વાછરડાને કૃમી વધારે જેવા મળે છે.
- પાચનક્રિયા અનિયમીત બની જાય છે.
- કબજીયાત અથવા છેરામણા થઈ જાય છે.
- પેટ નીચે નરમ સોજો જોવા મળે છે.
- પશુ ખૂબ નબળુ પડી જાય છે.વજન ઘટી જાય છે.
- ચામડી ખળબચળી અને વાળ ઉભા થઈ ગયેલા જણાય છે.

# પશુ પ્રાથમીક સારવાર પેટીની દવાઓની યાદી

| ક્રમ | દવાનું નામ | પ્રમાણ | પેકીંગ | કઈ તકલીફ માટેક |
|---|---|---|---|---|
| ૧ | ટીચર આયોડીન | ૪૫૦ મી.લી. | બોટલમાં | જખમ અને સોજામાં |
| ૨ | ટીચર બેન્ઝોઈન | ૨૦૦ મી.લી. | ,, | લોહી બંધ કરવા. |
| ૩ | ટર્પેન્ટાઈન ઓઈલ | ૨૦૦ મી.લી. | ,, | આફરો,ઘામાં કીડા માટે. |
| ૪ | ટર્પેન્ટાઈન લીનીમેટ | ૨૦૦ મી.લી. | ,, | વા,સોજો,દુખાવામાં. |
| ૫ | ફિનાયલ કંપોઝીશન | ૪૫૦ મી.લી. | ,, | ઘા ના કિડા મારવા. |
| ૬ | મરક્યુરોક્રોમ પ્રવાહી | ૧૦૦ મી.લી. | ,, | આંખ અને કોમળ ભાગો માટે. |
| ૭ | કફલોન પાવડર | ૧ કિલો | પ્લા.બેગ | શરદી,સળેખમ અને ઉધરસમાં. |
| ૮ | ટીમ્પોલ પાવડર | ૧ કિલો | પ્લા.બેગ | આફરા માટે |
| ૯ | નેબલોન પાવડર | ૧ કિલો | પ્લા.બેગ | ઝાડા,છેરામણ માટે. |
| ૧૦ | હિમાલીયન બતીસા | ૧ કિલો | પ્લા.બેગ | પેટની તકલીફ અને અપચામાં. |
| ૧૧ | ઝીક ઓકસાઈડ | ૪૦૦ ગ્રામ | પ્લા.બેગ | જખમ અને દાનવા ઉપર |
| ૧૨ | મેગ્નેશીયમ સલ્ફેટ | ૧ કિલો | પ્લા.બેગ | રેચ માટે. |
| ૧૩ | સલ્ફર પાવડર | ૫૦ ગ્રામ | નાની ડબી | ચામડીના રોગો ઉપર |
| ૧૪ | બોરીક પાવડર | ૫૦ ગ્રામ | નાની ડબી | આંખ માટે. |
| ૧૫ | ડી વર્મીંગ પાવડર | ૧૦૦ ગ્રામ | પ્લા.બેગ | કૃમિ નાશ માટે. |
| ૧૬ | પોટેશિયમ પરમેંગેનેટ | ૫૦ ગ્રામ | નાની ડબી | જંતુ નાશક પાણી બનાવવા માટે. (ચાલું) |



| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | વેસેલીન | ૨૦૦ ગ્રામ | પ્લા.ડબીમાં | ઝીંક સાથે મલમ બનાવવા. |
| ૧૮ | આયોડીન મલમ | ૨૦૦ ગ્રામ | પ્લા.ડબીમાં | સોજો અને મુંઢમાર ઉપર |
| ૧૯ | સલ્ફા ટીકડી | ૨૦ નંગ | પ્લા.પેકીંગમાં | ઈન્ફેકશન રોકવા,ગર્ભાશયના રોગમાં. |
| ૨૦ | પેન્ડીસ્ટીન ટ્યુબ | ૧૦ નંગ | ટ્યુબ | ખપરી વખતે આંચળમાં ચડાવવા. |
| ૨૧ | પ્રજના અથવા કોકું ટેબલેટ | ૨૦ ટીકડી | પેકીંગ | ગરમીમાં લાવવા માટે. |
| ૨૨ | નાની કાતર | ૧ નંગ | – | પાટાપીંડી |
| ૨૩ | નાનો ચીપીઓ | ૧ નંગ | – | પાટાપીંડી |
| ૨૪ | ટ્યુબ ચડાવેલ બોટલ અથવા નાળ | ૧ નંગ | – | દવા પાવા (નાળ પ્લાસ્ટીક) |
| ૨૫ | માપીયું ૩૦ મી.લી. | ૧ નંગ | – | દવા માપીને ભરવા (પ્લાસ્ટીક ગેજ) |
| ૨૬ | મીલ્ક સાઈફન | ૧ નંગ | – | ખપરીમાં આંચળમાંથી દુધ કાઢવા. |
| ૨૭ | માઉથ હોગ(લાકડાનું) | ૧ નંગ | – | મોઢું ખુલ્લુ રાખી તપાસ કરવા. |
| ૨૮ | કોટન પેડ | નાનું બંડલ | – | પાટાપીંડી માટે. |
| ૨૯ | ટ્રે નાની | ૧ નંગ | – | દવાઓ અને સાધનો રાખવા. |
| ૩૦ | સિરીંજ ૧૦,૨૦ સી.સી.નીડલ | ૧૦ નંગ | – | ઈમરજન્સી ઈંજેક્શન આપવા માટે. |
| ૩૧ | ટ્રોકાર – કેન્યુલા | ૧ નંગ | – | આફરા માટે. |
| ૩૨ | બર્ડીજો ચીપીયો | ૧ નંગ | – | ખસીકરણ માટે |

**જગતના સઘળા પ્રાણીઓનું અસ્તિત્વ મનુષ્ય જીવન ટકાવી રાખવા અનિવાર્ય છે.**

# સારવાર પેટીની દવાઓ

૧ પોટેશિયમ પરમેગેનેટ (પીપી): લાલાશ પડતી ઘેરા કાળા રંગની કણીકણી પડતી ઘેરા કાળારંગની કણીકણી વાળી ભૂકીછે. જેને ભીના હાથે અડતાં જાંબલી, ગુલાબી રંગ બનતો હોય છે જંતુનાશક પાણી બનાવવા માટે પાણીમાં બે થી ત્રણ કણી નાખવાથી વણ થઈ જાય છે. જૂના ઘા, ખરવા મોવામાં, આંચળ ધોવા વગેરે જંતુનાશક તરીકે ઉપયોગ થાય છે.

૨ બોરીક પાવડર: સફેદ પાવડર આંખમાં તકલીફ વખતે આંજવા અને પાણીમાં ઓગાળી આંખ ધોવા માટે તેલ સાથે ઓગાળીને ચામડીના દર્દો ઉપર પણ લગાવી શકાય છે.

૩ ઝીક ઓકસાઈડ પાવડર: સફેદ લીસો પાવડર એટલા જ પ્રમાણમાં વેસેલીન સાથે બરોબર મેળવી ઉઝરડા, જખમ, ઉઘાડી પડેલી ચામડીઉપર લગાડવા માટે કામ આવે છે.

૪ હિમાલિયન બત્રીસા: પશુઓના પેટની કોઈ પણ તકલીફ માટેઆ દેશી ઓસડીયામાંથી ખાસ તૈયાર કરેલ પાવડર છે.પાચન ના થતુ હોય, ઢોર બરાબર ખાતુ ના હોય, વાગોળતું ના હોય, પેટમાં સુળ ઉપડતી હોય તો આ પાવડરથી ખૂબ સારી અસર થાય છે.નાના વાછરડા, ઘેટાં, બકરાં વગેરેને ૫૦ ગ્રામ પાણી સાથે, મોટા પશુને ૧૦૦ ગ્રામ પાવડર પાણી સાથે દિવસમાં બે વાર પીવડાવવું અથવા ગોળ સાથે લાડુ બનાવી આપવો.

૫ કેફલોન પાવડર: સરદી, સળેખમ, ફેફસાંની તકલીફ, ઠંડી લાગવી, જાનવર ખૂબ પલળેલુ હોયત્યારે આ દેશી દવામાંથી બનાવેલા પાવદરથી રાહત રહે છે.નાના ઢોરને ૫૦ ગ્રામ અને મોટા ઢોરને ૧૦૦ ગ્રામ પાણી અથવા ગોળ સાથે લાડુ બનાવી ખવડાવવો.

૬ ટિમપોલ પાવડર: દેશી દવાઓમાંથી બનાવેલા આ પાવડર ગાય-ભેંસના પેટની ગેસની તકલીફ વખતે ખાસ કરીને આફરા વખતે આ પાવડરથી ઘણી રાહત થાય છે.નાના ઢોરને ૫૦ ગ્રામ અને મોટા ઢોરને ૧૦૦ ગ્રામ પાણી સાથે દાળથી પીવડાવવું.

૭ નેબલોન પાવડર: આ દવા ખાસ ઢોરના ઝાડા, છેરામણી અને અયાપચય જેવી તકલીફો માટે બનાવવામાં આવી છે. નાના ઢોરન ૫૦ ગ્રામ અને મોટા ઢોરને ૧૦૦ ગ્રામ આપવી.

૮ સલ્ફા મેઝાથીન ટેબલેટ: સફેદ રંગની ૫ ગ્રામની વચ્ચેથી બે ભાગ કરી શકાય તેવી ઘીસી વાળી,લીસ્સી,લાંબી ગોળીઓ ગમે તેવા તાવ નબળાઈ અને શરીરની તકલીફો માટે ભુકો કરી ગોળ સાથે કે પાણી સાથેનાના ઢોરને બે ટીકડી અનેમોટા ઢોરને દિવસની ચાર ટીકઢી આપવાથી રાહત થાય છે.ગર્ભાસયની તકલીફમા ઓર પડી ગયા

પછી  ગર્ભાશયનો કચરો સાફ કરવા માટે ૪થી ૬ ટીકડી  ગર્ભાશયમાં મૂકવામાં આવે છે. ઝાડામાં પણ ટેબલેટ ઉપયોગી થાય છે.

૯ ટરપેન્ટાઈન તેલ: તીવ્ર વાસવાળું ઓલ ખુલ્લુ રહે તો વાસ ઉડી જાય છે. અસર ઓછી થઈ જાય છે.બીજા તેલ સાથે ભેળવી પ્રમાણ ૧:૨ ઘા ઉપર લગાવી શકાય છે.માખીઓ બેસતી નથી.આફરા વખતે પેટ ઉપર ચોળવા કે ૫૦૦ ગ્રામ તેલમાં ૧૦૦ મીલીગ્રામ ભેળવી  પીવડાવવાથી  રાહત થાય છે.

૧૦ ટકપેન્ટાઈન લીનીમેન્ટ: સફેદ ઘટ પ્રવાહી જે ટર્પેન્ટાઈનમાંથી  બનાવવામાં આવે છેઅને ખાસ કરીને સોજો, સાંધા અકળાઈ જવા, મૂઢમાર વગેરે ઉપર ઘસવા, લોહી છુટું કરવા  માલીસ કરવામાં ાાવે છે.

૧૧ સરસીયુ તેલ: સરસવમાંથી બનેલુ આતેલ ઝીંક ઓકસાઈડ સાથે સલ્ફર પાવડર સાથે મલમ બનાવવામાં આવ છે. વળી ટર્પેન્ટાઈન  તેલ  સાથે  મેળવી પીવડાવવામાં,માલીસના કામમાં પણ  આવે છે.

૧૨એરંડીયુ તેલ: દિવેલનું આઘટ તેલ જાનવરને બંધ વખતે રેચ માટે આપવામાં ઉત્તમ છે. મોટા જાનવરને ૪૦૦ ગ્રામ  અને નાના  જાનવરને ૧૦૦થી ૨૦૦ ગ્રામ આપવું.

૧૩ વેસેલીન: સફેદ ઘટ ચીકણો તેલી મલમ જે ઝીંક ઓકસાઈડ સલ્ફર પાવડર, બોરીક પાવડર તથા સિંદૂર  વગેરે સાથે મલમ બનાવવા  કામ આવે  છે.આંચળ  ફાટી જાય ત્યારે કુણા રહે તે માટે લગાવી શકાય.

૧૪ આયોડીન મલમ: આ કાળો મલમ સોજો, મચકોડ, મુઢમાર, સાંધાના દુખાવા, નસ ચડી જવી વગેરેવગેરે ઉપર ઘસવાથી ખુબ રાહત થાય છે.

૧૫ મરક્યુરોક્રામ પ્રવાહી: પી.પી.ના  પાણી કરતાં વધુ અસરકારક પ્રવાહી જંતુનાશક છે.તેના ટીપા આંખની તકલીફમાં ,સોજા કે ઉઝરડા ઉપર,  જખમ પર પોતુ લગાવવા  કે કાનમાં ટીપાં નાખવા માટે વાપરી શકાય છે.

૧૬ સલ્ફર પાવડર: વેસેલીન સાથે કે સરસીયા તેલ સાથેસપ્રમાન રૂપે મલમ બનાવી ચામડીના દર્દો જેવાકે દાદર, ખસ,ખરજવું વગેરે ઉપર લગાવવા. કફ દૂર કરવા અને ખસ મટાડવા ગોળ સાથે ખવડાવી શકાય.

૧૭ ટેગરોન મલમની ટ્યુબ: આ ટયબુ ખાસ કરીને ગર્ભાશયમાં હાથ નાખતા પહેલા હાથ ઉપર જંતુનાશક તરીકે ખાસ વપરાય છે.

૧૮ પેન્ડીસ્ટીરીન ટ્યુબ: આ નાની ૨૫ મીલીની ટ્યુબ સાથે પ્લાસ્ટીકની પોલી નળી આવે છે.જે ટ્યુબનું સીલ તોડી આંટા વડે ફીટ કરી  આંચળમાં ટ્યુબ ચડાવવા  નળીની ખોળ ઉતારી  હાથ નળીને અડાડ્યા વગર આંચળમાં દાખલ કરી  ધીમેધીમે નીચેથી દબાવતાં  આખી ટ્યુબ એક વખતમાં જ ચડાવી દેવી. ખાસ ખપરીમાં, આંખની તકલીફમાં આ  ટ્યુબ આંજી  શકાય.

૧૯ ટિંચર આયોડીનઃ ઘા ઉપર લગાડવાનું રતાશ પડતું કાળું સ્પીરીટની વાસ વાળું પ્રવાહી રૂ ના પોતા ઉપર પર લઇ તાજા જખમ પર લગાડતાં થોડુ બળે છે, સોજા ઉપર લગાડતાં થોડી રાહત રહે છે.

૨૦ ટિંચર બેન્ઝોઇનઃ રતાસ પડતુ કાળું ચીકણું પ્રવાહી હાથ લાગતાં સુકાઇ ચોટી રહે છે.તાજા વહેતા લોહી ઉપર જખમ ઉપર રૂ નુ પોતુ મૂકતાં દવા સુકાઇ ચોટી જાય છે. લોહી બંધ થઇ જાય છે. ખાસ કરી વહેતા જકમ ઉપર

૨૧ ફિનાઇલ પ્રવાહીઃ જુના જખમમાં જીવડા પડી ગયા હોય તેને મારવા આનુ ગંધ મારતુ  પોતુ મૂકી ચીકણી માટીથી હવા ચુસ્ત બંધ કરી દેવાથી જ અંદરના જીવડા મરી જાય છે. પછી રૂઝવવાની મલમપટી કરવી.

૨૨ મગ્નેશીયમ સલ્ફેટઃ સફેદ કણીદાર ખાંડ જેવી ભુકી વિલાયતી મીઠા તરીકે ઓળખાય છે .સ્વાદે તુરી અનેતીવ્ર ખારાસ વાળી  લાગે છે. ઘા સાફ કરવા , ચકરી હોય ત્યારે૨૦-૨૫ ગ્રામ પાણીમાં નાખી ઓગાળી બે ત્રણ વખત કે વધુ વખત પીવડાવવાથી રાહત થાય છે. વાની દવા તરીકે પણ ઉપયોગી થાય છે. ખુબ તાવ હોય ૧૦૪-૧૦૬ ડીગ્રી હોય ત્યારઆનુ પાણી  એક બે લીટર ગુદા એનીમા આપવાથી  તાવ ઉતરી જાય

૨૩પોટેશ્યમ નાઇટ્રેટ (સોલ્ટપીટર): પાણીમાદ્રાવ્ય ,સફેદ પાસાદાર ભૂકી, ખાસ કરીને પેશાબ વધારવા  માટે વપરાય છે.

સાવચેતીઃ વધારે માત્રામાં હોજરી અને આંતરડાંમાં ઉત્તેજનાકરે છે. મૂત્રપીડના રોગવાળા પશુનેઆ દવા ના આપવી.

૨૪ પોટેશિયમ બાયકાર્બોનેટ (બેકિંગપાવડર): આલ્કલી, સફેદ, પાણીમાં દ્રાવ્ય, ભૂકી, હોજરીની એસીડીટીમાં, ખોરાક હજમ કરવા માટે અનેપેશાબને આલ્કલાઇન બનાવવા માટે વપરાય છે.

૨૫ સોડીયમ ક્લોરાઇડઃ મીઠુ, ખનીજ પુરક પદાર્થ,ભૂખવર્ધક,ઉલટીકારક,સફેદ,પાણીમાં દ્રાવ્ય,સ્ફટીક કે ભૂકી,પશુ ાને મરઘાંના રોજીંદા ખાણમાં ખનીજ પૂરક તરીકે વાપરવામાં આવે છે.ઝાડામાં અને વધુ પ્રમાણમાં લોહીવહી જવાથી અને ઓપરેશનમાં નોર્મલ સેલાઇન તરીકે મીઠાના દ્રાવણનું પશુ ડોકટર મારફતે  નસમાં ઇન્જેકશન અપાય છે.

સાવચેતીઃ વધારે પડતા ઉપયોગથી પેટમાં બળતરા થાય છે, ઝેર ચડે છે.

૨૬ સોડીયમ સેલિસીલેડઃ તાવઉતારનાર, દર્દનાશક, સફેદ પાણીમાં દ્રાવ્ય, ભૂકી ખાસ કરીને સાંધાના વા માં વપરાય છે.

૨૭ એમોનિયમ કાર્બોનેટઃ કફઘ્ન, ઉત્તેજક, આંચકિનીવારક, એમોનીયાની ઉગ્ર વાસ આપતી, સફેદ ભૂકી કે ગાંગડા, ખુલ્લા રાખવાથી લાંબા સમયેઉડી જાય છે. આફરામાં હોજરીના ઉત્તેજક તરીકે  આપવામાં આવે છે.

૨૮ કેલ્શિયમગ્લૂકોનેટઃ કેલ્શિયમ પૂરક, પાણીમાં દ્રાવ્ય, સફેદ ભૂકી, ખાસ કરીને કેલ્શિયમની તાણ પુરવાવપરાય છે. ઝેરના મારણ તરીકે, મિલ્કફીવર અને અન્ય મૃછાજનક સ્થિતિમાં ઉપયોગી થાય છે.

૨૯ કેલ્શિયમ કાર્બોનેટઃ ખનિજ પૂરક, સફેદ, પાણીમાં અદ્રાવ્ય, બારીક ભુકી, હોજરીની એસીડીટી, ઝાડા બંધ કરવામાટે અનેખાણદાણમાં કેલ્શિયમની પુરતી કરવા માટે વપરાય છે.

૩૦ ફરસ સલ્ફેટઃ હિમોગ્લોબીન વર્ધક,સ્નાયુ સંકોચન,લીલા,જળદ્રાવક સ્ફટીક,એનિમિયા માટે,ખનીજ પૂરક,તરીકેવપરાય છે.બહારથીતે લોહી બંધ કરવા માટે પણ વપરાય છે.

૩૧ બેલાડોનાઃ જ્ઞાનતંતુઓને સંવેદનાહીન કરે છે.તેથી દર્દશામક તરીકે, કોઇ પણ જાતના સોજાઉપર લગાડવામાં આવે છે. પાવાથી પેટનો દુખાવો ઓછો થાય છે.

# પરંપરાગત ઔષધ સારવાર

આપણો દેશ ખેતી પ્રધાન દેસ હોવાથી પશુપાલનનું મહત્વ ઘણું બધુ છે.પરંતુ પશુ સંખ્યાના પ્રમાણમાં માટા ભાગના અંતરિયાળ ગામડાંઓમાં અને પશુ સારવાર કેન્દ્રોનઠ અભાવના કારણેપશુને તાત્કાલિક સારવાર મળવી મુશ્કેલ છે.આથી ગામડાંઓમાં પશુવૈદો પશુઓ માટે તાત્કાલિક સારવારમાં ઉપયોગી બને તેવી વનઔષધિઆનું જ્ઞાન ધરાવે છે.જેથી તેમને આ ઘણૂ બધુ ઉપયોગી બની રહેશે.

૧. આકડોઃ આકડાના પાન થોડુ તલનું તેલ ચોપડી ગરમ કરી બાંધવાથી સાંધાના સોજા અને દર્દો મટે છે. ગડગુમડાની ગાંઠો પકવવામાટે પણ વપરાય છે. પાચન શકિત વધારે છે. પાનને તલના તેલમાં ઉકાળીને માલીસ કરવાથી સોજો અને દર્દો મટે છે.

૨. અજમોઃ પેટ,આંતરડાં,કાળજુ અને મૂત્રપીડની માંદગીમાં ઉપયોગી છે.પાચનશકિતને ઉત્તેજન આપે છે મૂત્રપીડની પથરી તોડવાનો તોબ વધારવાનો પણ ગુણ ધરાવે છે. જૂની ઉધરસમાં પણ ઉપયોગી છે.

૩. આદુંઃ સુંઠ વાયુ અનેકફઘ્ન હોય છે.આફરામાં, પેટની ચૂકમાં, ઉધરસમાં તેમજ સાંધાના સોજાઓમાં ઘણું ઉપયોગી છે.પાચન શકિત વધારે છે.મીઠાને તેલમાં ઉકાળીનેમાલીસ કરવાથી સાંધાના સોજા અને દર્દો મટે છે.

૪. એરંડોઃ સોજા ઉપર તેલ ચોપડી ગરમ કરીસોજા ઉપર બાંધવાથી મટેછે. પાનનો રસ કાઢી પાવાથી અફીણનુ વિષમારક બને છ.ઝેરી જંતુઓના ડંખ ઉપર તેના પાંદડા છેદીને બાંધવાથી લાભ થાય છે.તેનાંબીયાં વાટીને

સોજા ઉપર લગાડવાથી સોજા ઉતરી જાય છે.તે રેચક પણ છેતેનુ તેલ જુલાબ તરીકે ઘણું ઉપયોગી છે. મરડામાં આપવાથી પણ ફાયદો થાય છે.

૫. આંબો: આંબાની કુપળો ઉકાળીને પાવાથી ઝાડા બંધ થાય છે. ઝાદામાં લોહી આવતુ હોયતો પણ ફાયદો કરે છે.

૬. આંમળાં: આમળાં હ્રદય અને આંતરડાંને શકિત આપે છે.તેમાં વીટામીન સી વધુ પ્રમાણમાં હોવાથી સ્કર્વી નામનો રોગ મટાડે છે.જાનવરને નસકોરી ફૂટી હોય તો લોહી બંધ કરવા માટે આમળાંનુ ચૂરણ પાણી સાથે પાવાથી અને પાણી સાથે વાટી કપાળે લેપકરવાથી લોહી બંધ થાય છે.

૭. આમલી: આમલીના પાન વાટીને પશુને પાવાથી ભીલામાના ઝેરથી આવેલો સોજો ઉતરે છે. બીયાનૂ ચૂર્ણ પાણી સાથે પાવાથી ઝાડા બંધ થાય છે.

૮. અરડુંસો: ફેફસાંના દર્દ, ઉધરસ, દમ, ફેફસાંમાંથી લોહી આવવું વગેરે માટે ઉપયોગી છે. ફેફસાંને સ્વચ્છ કરે છે. અને તાવ ઓછો કરે છે.

૯. ઈંદરાવણ: ફળની અંદરનો ગર્ભ તેમજ તેના મૂળીયા દવા તરીકે ઉપયોગી છે. રેચક અનેજઠર તેમજ આંતરડાના કૃ)મિને મારે છે.

૧૦. ઈસબગૂલ: ૮૦થી ૧૦૦ ગ્રામ ઈસબગુલ ૪૦૦ ગ્રામ પાણીમાં પલાળી ત્રણ ચાર કલાક પછી એટલી જ ખડીસાકર નાખી પશુને પાવાથી શરીરના અવયવો જેવા કે નાકની અંદરનો ભાગ, આંતરડાં, ગર્ભાસિય વગેરેમાંથી આવતુ લોહી બંધ થાય છે.પેટ શુધ્ધિ,કબજીયાતમાં વપરાય છે.

૧૧. કાથો: ઝાડા બંધ કરે છે.કાથો, હળદર, સાકર સરખે ભાગે લઇ ખાંડીને ગોળ સાર્થે મેળવીને દિવસમાં બે ત્રણ વાર ચટાડવાથી ઉધરસ મટે છે.મોંના ચાંદા માટે કાથો ઘણો ઉપયોગી છે. કાથો મૂકી પાટો બાંધી દેવાથી લોહી બંધ થઈ જાય છે.

૧૨. કોલસો: લાકડાના કોલસાની ઝીણી ભૂકી ઘા ઉપર લગાડવાથી દુર્ગંધ મારતા ખરાબ ઘા પણ રૂઝાય છે.કોલસાની ભૂકી પાણી સાથે પાવાથી આફરો મટે છે.

૧૩. કોડી: ધોળા તેમજ પીળારંગની કોડીઓ બાળી વાટીને બનાવેલ ભૂકી ઘા રૂઝવવા માટે ઘણી ઉપયોગી છે.પીળી કોડીઓની ભૂકી કાન પાકયો હોયતો કાનમાં ચપટી ભૂકો નાખી ઉપર તરત ખાટા લીબુનો રસ નીચોવવાથી ઉભરો આવી કાન સાફ થઇ જાય છે.

૧૪. કપાસ: કપાસના કાલા અને મૂળીયા પાણીમાં ઉકાળી ગાળીને પાવાથી ઓર ના પડતી હોય તો પડી જાય છે.પ્રસવ વખતે પાવાથી પ્રસવ સરળ થાય છે.પાન અને કપાસીયા મીજને પાણી સાથે વાટીને પાવાથી અફીણ

અને ધતુરાના ઝેરનું મારણ થાય છે.ઘા માંથી લોહી નીકળતું હોય તો રૂ બાળીને તેના ઉપર દબાવવાથી લોહી બંધ થાય છે.

૧૫. કાચકી: પેટના કૃમિ મારે છે. આફરો અને ચૂકને પણ મટાડે છે.લોહી શુધ્ધ કરે છેકડું અને સુંઠ સાથે અપાય છે.

૧૬. કુંવારપાઠું: આના પાન જાડા હોય છે.તેની અંદરનો માવો દવા તરીકે ઉપયોગી છે.જઠર અને યકૃતને શકિત આપે છે.ઉધરસ અને સ્નાયુના દર્દને મટાડે છે.પાનને છોસી તેના ઉપર હળદર લગાવીને ગરમ કરી સોજા ઉપર લગાવવાથી દર્દ મટે છે.

૧૭. ખડીચોક: ઝાડા બંધ કરે છે.અને આંતરડાના ઘા રૂઝવે છે.ઝાડામાં લોહી આવતું હોય તાપણ રાહત આપે છે.

૧૮ ગરમાળો: ગરમાળાની સીંગમાંથી નિકળતા ચકતા તેમજ તેનો ગોળ શીરો રેચક ગૂણ ધરાવે છે.ઉધરસ મટાડે છે એનો લેપ સોજો ઉતારે છે.ગરમાળાના ફુલ પણ ઉધરસમાં રાહત આપે છે.

૧૯. ચૂનો: નાના વાછરૂને કેટલીકવાર દૂધ પચતૂ નથી.તેમને દૂધ સાથે લાઈમ વોટર ચૂનાનું પાણી આપવાથી પાચન થઈ જાય છે. લાઈમ વાટર બચ્ચાના ઝાડા બંધ કરે છે.પાચન શકિત સુધારે છે. હાડકાં મજબૂત કરે છે.

૨૦. જાંબુ: જાંબુના ઠળીયાના મીજ ઝાડા બંધ કરે છે. કેરીની ગાટલીના ચૂર્ણ સાથે સરખે ભાગે આપવામાં આવે છે. જાંબુની કૂંપળો વાટીને આપવાથી પણ ઝાડા બંધ થાય છે.

૨૧. જીરૂ: પાચન શકિત સુધારે છે. વાયુસારક છે.સૂંઠ,સંચળ વગેરે સાથે વપરાય છે.દૂધ આપતા જાનવરોને સાકરના પાણી સાથે આપવાથી દૂધ વધે છે.

૨૨. તમાકુ: થોડા તમાકુના પાનનો ભૂકો પાણીમાં ઉકાળી, એપાણી જાનવરોના શરીર ઉપર લગાવવાથી જૂ, ચાંચળ, ઈતરડીવગેરે લોહી પીનારા પરોપજીવીઓનો નાશ થાય છે.એજ પ્રમાણે તમાકુના તેલનો પણ ઉપયોગ થઈ શકે.

૨૩. થોર: થોરનું દૂધ રેચક છે.સાંધાના દુખાવાથી જાનવરના પગ અકળાઈ ગયા હોય કે સાઈટીકા જેવીસખત માંદગીથી ચાલી શકતુના હોય તો થોરનાપાન જરૂર પ્રમાણે લઈ તેલમાં પાન સંપૂર્ણ બળી જાય ત્યાં સુધી ઉકાળવું તળવું પછી તેલને ગાળી દર્દ વાળા ભાગ ઉપર માલીસ કરવું.ખસ,ખુજલી માટે પણ થોરનો મલમ ઉપયોગી છે.

૨૪. નગોડ: નગોડ પેટના કૃમિ મારે છે. તેમજ ઘામાં કીડા પડયા હોય તેમાં નગોડના પાનનો રસ અને મધ સરખા ભાગે લઈ મેળવી દેવાતાં ગરમ મીણ જેવું થઈ જાય છે.આ મીણને ઘામાં મૂકી ઉપર રૂ મૂકી પાટો બાંધી દેવાથી એ ઘા થોડા દિવસમાં રૂજાઈ જાય છ.પાન મીઠા તેલમાં ઉકાળી તેલ ગાળી લેવુ.ઘા રૂઝવવા માટે ઉપયાગી છે.

૨૫. ફટકડી: આના વિવિધ ઉપયોગ છે.

- ફટકડી ઝાડા તેમજ તેમાં આવયુ લોહી બંધ કરે છે.૨૦ગ્રામ ફટકડી ૧ ગ્રામ અફીણ સાથે આપવું.
- થોડી ફટકડી પાણીમાં ઓગાળી તે પાણી મોમાં વારંવાર છાંટવાથી મોઠાનાં ચાંદાં જખમ વગેરે મટાડે છે.
- નાકમાંથી લોહી નીકળતુ હોય તો નાકમાં ફટકડીના પાણીનીપીચકારી મારવાથી લોહી નીકળતું બંધથઇ જાય છે.ફટકડી જંતુનાશક છે.ઘા ધોવામાં અને સાફ કરવામાં પણ ઉપયોગી છે.
- આંખ આવી હોય કે આંખમાં ચીપડા વળતા હોય તો ફટકડીના પાણીથી આંખ વારંવાર ધોવાથી મટે છે.
- કાન પાકયો હોય તો ફટકડીની ભૂકી મધમાં મેળવીને કાનમાં નાખવાથી ફાયદો થાય છે.
- પ્રસવ પછી ગર્ભાશય કે યોની માર્ગ બહાર નીકળી આવ્યો હોય તો ફટકડીનું પાણી વારંવાર છાંટવાથી કે પોતા મૂકવાથી સંકોચાઇને બેસી જાય છે.

૨૬. બાવળ: બાવળની કૂપળો કે છાલનુ ચૂર્ણ ઝાડા બંધ કરે છે.ગર્ભાશય બહાર નીકળી ગયુ હોય તો બાવળની છાલ ઉકાળીને તેનું પાણી ઠંડુ કરી વારંવાર છાંટવાથી કે પોતા મૂકવાથી ગર્ભાશય સંકોચાઇ જાય છે.

૨૭. મહુડો: મહુડાના ફૂલખવડાવવાથી શકિત વધે છે. દૂધાળ પશુનું દૂધ વધે છે.જે જાનવરો વેતરે ના આવતા હોય તો તેને મહુડાના ફૂલ કે ફળી ખવરાવતાં તે વેતરે આવે છે. પાન પાણીમાં ઉકાળી, તે પાણીથીશેક કરવાથી સોજો મટે છે.

૨૮. મીઠું: મીઠુ બારીક વાટી હળદર સાથે લગાડવાથી સોજા અને દર્દ મટે છે. પશુની આખો લાલ થઇ ગઇ હોય ત્યારે મીઠાના પાણીનો છંટકારો મારવાથી રાહત થાય છે.તાવમાં મીઠઅના પાણીના પોતા કપાળે મૂકવાથી તાવમાં રાહત થાય છે.

૨૯. મધ: ખરાબ દુર્ગંધ મારતા ઘામાં પોતુ મૂકવાથી રૂઝાય છે. આંખમાં આંજવાથી આંખનો દુખાવો મટે છેમધને ફટકડી કે ખડી સાથે મેળવી મોઢાના ચાંદા કે જખમ મટે છે.

૩૦. મરચા: મરચા પાચન શકિત વધારે છે.લાલ મરચામ તેલમામ બળી જાય ત્યાં સુધી ઉકાળી પછી તેલ ગળી લઇ તે તેલ કાનના દર્દમાં ઉપયોગી થાય છે.તેમજ શરીરનો કોઇ ભાગ નિશ્ચેતન થઇ ગયો હોય તો તેના ઉપર આ તેલનું માલીસ કરવાથી ફાયદો થાય છે.

૩૧. મૂળા: મૂળા પાચન શકિત વધારે છ.ભૂખ લગાડે છે.વાયુને બહાર કાઢ છે. અને પેશાબ વધારે છે.જઠર, કાળજુ, બરોળઆંતરડાં અને મૂત્રપિંડની માંદગીઓમાં તે ઉપયોગી છે. દવા તરીકે નેના પાનનો રસ કાઠી પશુને આપવામાં આવે છે.

૩૨. મેદી: મેદીના પાન પાણીમાં ઉકાળી, એ પાણી મોઠામાં વારંવાર છાંટવાથી ચાંદાં મટે છે.સોજા ઉપર તેના પાન વાટી લેપ કરવાથફિાયદો થાય છે.મેંદીના પાન ૨૪ કલાક પાણીમાં પલાળી પછી તે પાણી કમળો થયેલાં પશુને પાવાથી ફાયદો થાય છે.

૩૩. રાય: ફેફસાંની માંદગીમાં રાયનો લેપ કે બ્લિસ્ટર લગાડવામાં આવે છે.અળસીની પોટીસ બનાવી તેને લુગડા ઉપર પાથરી તેના ઉપર રાયની ઝીણી ભૂકી છાંટી દર્દવાળી જગ્યા ઉપર બાંધવામામ આવે છેબળતરાથી પશુ  આકુળવ્યાકુળ થાય ત્યારે છોડી નાખવું. ફોલીઓ જણાયતો તે ભાગ ઉપર વેસેલીન કે માખણ લગાવવું.

૩૪. લીમડો: લીમડાનાં પાન લોહી સાફ કરે છે.તેનો ઉકાળો જંતુનાશક છે,ઘા ધોવાના તેમજરૂઝવવાના કામમાં આવે છે.લીમડાની કૂપળો વાટી તેને લગાવવાથી ખસ,ખૂજલી મટે છે.લીમડાનાં પાન બાફી ઘામાં તેનુ પોતુ મૂકવાથી દુર્ગંધ મારતા  કીડા પડેલા ઘા રૂઝાય છે.ફુલને પાણીમાં ઉકાળી તે પાણી પશુને પાવાથી લોહી સાફ થાય છે અને લોહી વિકારથી થતા દર્દો મટે છે.લીંબોળીયા તો રેચક ગુણ ધરાવે છે.જઠર ાને આંતરડાના કૃમિ મારે છે. લીબોળીનુ તેલ સડેલાખરાબ જખમોને રૂઝવે છે. શરીર ઉપર લગાવવાથી જૂ, ઇતરડી,વગેરે પરોપજીવીઓનો નાશ કરે છે.

૩૫. લીબુ: લીબુમાં વિટામીન સી હોય છે. તેથી તેનો રસ તંદુરસ્તી સાચવે છે.પાચનસકિત સુધારે છે.પિત્તાશયમામ રહેલા પિત રસનું નિયમન કરે છેતથા જઠર અને કલેજાનેશકિત  આપે છે.૧૮ થી ૨૪ જેટલા લીબુના રસમાં ૨૦ થી ૩૦ ગ્રામ જેટલા ખાવાના સોડા નાખી તેમાં પાણી ઉમેરી જાનવરને પાવાથી આફરો મટે છે.શરીરે ખોડો થયો હોય તો લીંબુ ઘસીને લગાવવાથી મટે છે.

૩૬. વરિયાળી: વરિયાળી જઠરને શકિત આપે છે.દૂધ વધે છે. તડકામાં લૂ લાગી હોય તા વરિયાળી ખાંડી તેમા ખાંડ કે  સાકર ઉમેરી તે પાણી પાવાથી ઠંડક મળે છે.

૩૭. સિંદૂર: તલના તેલમામ મેળવી ઘા ઉપર લગાડવાથી કિડા મરે છે, અને ઘા રૂઝાય છે.

૩૮. હરડે: રેચક છે. આંખો દુખતી હોય તોપાણી સાથેઘસી આંજવાથી ફાયદોથાય છે. તેનું ચૂર્ણ પાણીમાં નાખી દાઝેલા ભાગ ઉપર તેના પોતા મૂકવાથી સારો ફાયદો થાય છે.

૩૯. હળદર: હળદર અને મીઠુ સરખે ભાગે મેળવીને  ગોળ સાથે ચટાડવાથી ઉધરસ મટે છે. મીઠા સાથે મેળવી મોઠામાં પડેલા ઘા અને ચાંદાં ઉપર ઘસવાથી ફાયદોથાય છે. લોહી નીકળતું બંધ કરવા પણ તેનો ઉપયોગ થાય છે.

૪૦. લસણ: લસણ વાયુ સારક છે.તે જઠરને શકિત આપે છે.પશુઓમાં  ખાસ કરીને ફેફસાંના રોગોમાં નિષ્ણાતો દ્વારા લસણનો ઉપયોગ  કરવામાં આવે છે. લસણને વાટી તેને ગૂમડા ઉપર લેપ કરવાથી ગુમડુ

પાકી જલદી ફૂટી જાય છે.લસનને મીઠા તેલમાં ખૂબ ઉકાળીને પછી ગાળી સાંધા ઉપર માલીસ કરવાથી દર્દ મટે છે.

૪૧. બીલા: બીલાના પાકાં ફળોનો માવો જઠરઅને આંતરડાંને શકિત આપે છે. બીલાંનો માવો ખવડાવવાથી ઝાડા બંધ થાય છે.

૪૨. તુવેર: આંતરડાંમાં ચાંદા અને સોજામાં તુવેરનુ પાણી ફાયદાકારક છે.તુવેરનાં પાન ઉકાળીને તે પાણી મોમાં છાંટવાથી ચાંદા મટે છે.તુરના પાનનો રસ અફીણના ઝેરનું મારક છે.

૪૩. વડ: વડનું દૂધ સોજા ઉપર લગાડવાથી ફાયદો થાય છે. વડની કૂપળો પાણીમાં લસોટી પશુને પાવાથી છેરામણી મટે છે.

૪૪. નાળિયેર: માદા પશુને પ્રસુતિ દરમ્યાન દૂધ વધારવા માટેના ળિયેરગોળ સાથે આપવામાં આવે છે. જેથી તેનું દૂધ વધે છે. અને વેતર નકામું જતુ નથી.

# પ્રાણીઓનો ગર્ભધારણ અનેઆયુષ્ય સમય કાઠો

| ક્રમ | પ્રાણીનુનામ | આયુષ્ય | ગર્ભધારણ સમય | ક્રમ | પ્રાણીનુ નામ | આયુષ્ય | ગર્ભધારણ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભેંસ | ૨૫થી૩૦વર્ષ | ૧૦ માસ૧૦ દિવસ | ૭ | બિલાડી | ૧૨ વર્ષ | ૨ માસ |
| ૨ | ગાય | ૨૫થી૩૯વર્ષ | ૯ માસ ૯ દિવસ | ૮ | સસલી | ૪ થી ૫ વર્ષ | ૩૨ દિવસ |
| ૩ | ઘોડી | ૨૫થી૩૯વર્ષ | ૧૧ માસ ૧૧ દિવસ | ૯ | વાઘ-સિહ | ૨૦ વર્ષ | ૩ માસ ૧૫ દિવસ |
| ૪ | બકરી | ૧૫ વર્ષ | ૫ માસ | ૧૦ | હાથી | ૬૦ વર્ષ | ૨૧ થી ૨૦ માસ |
| ૫ | કૂતરી | ૧૨ વર્ષ | ૨ માસ ૨ દિવસ | ૧૧ | વાંદરી | ૨૦ વર્ષ | ૬ માસ |
| ૬ | ઘેટી | ૧૫ વર્ષ | ૫ માસ | | | | |



# આભાર...